

# ન્યુઝ 4 કચ્છ
'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૨ અંક : ૩૯ તા.૨૮.૦૮.૨૦૨૪, બુધવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 39 Dt. 28-08-2024, Wednesday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com

**સુવિચાર**
મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિ નો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!

# ગુજ 'રાત' ભારે...સેનાની ૬ ટુકડીઓ સાથે સરકાર તૈયાર !




## જળમગ્ન ગુજરાત

**રાજ્યમાં વરસાદનું જોર વધ્યું છે. છેલ્લા બે દિવસમાં ભારે વરસાદ પડ્યો છે. જેમાં મોરબીના ટંકારામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે તો મંગળવારે રાજકોટમાં સૌથી વધુ પડ્યો છે. ગુજરાતમાં સરેરાશ ૯૯.૬૬ ટકા વરસાદ સાથે છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ જિલ્લામાં ૨૫૧ તાલુકાઓમાં વરસાદ પડ્યા બાદ સરકાર સજ્જ બની છે. એનડીઆરએફ ની ૧૪ પ્લાટૂન,અને એસડીઆરએફ ની ૨૨ પ્લાટૂન પણ આપત્તિ વ્યવસ્થાપન માટે તૈનાત કરાઈ છે. સાથે હજારો લોકોનુ રેસક્યુ કરી સલામત સ્થળે ખસેડવામા આવી છે. મુખ્યમંત્રી સહિત રાજ્યનુ આપતી વ્યવસ્થાપન વિભાગ તમામ જીલ્લાઓની સતત માહિતી મેળવી મદદ માટે સજ્જ બન્યુ હતુ હજુ બે દિવસ ભારે વરસાદની આગાહી**

રાજ્યમાં વરસાદનું જોર વધતા છેલ્લા બે દિવસમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. સોમવારે મોરબીના ટંકારામાં સૌથી વધુ વરસાદ નોંધાયો.હતો અમદાવાદ, સાબરકાંઠા, વલસાડ, સુરેન્દ્રનગર અને કચ્છ જેવા જિલ્લાઓમાં ધોધમાર વરસાદ જોવા મળ્યો હતો. ભારે વરસાદના કારણે છેલ્લા બે દિવસમાં નદીઓમાં નવા નીર આવતા જળાશયો ભરાઈ ગયા છે અને ડેમ ઓવરફ્લો થઈ રહ્યા છે. મંગળવારે સવારથી રાજ્યમાં અનેક સ્થાનો પર ધોધમાર વરસી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ આગામી દિવસોમાં પણ ભારે વરસાદનું જોર રહેશે. ગુજરાત માં વરસાદને કારણે ઘણી ટ્રેનોને અસર થઈ છે. છેલ્લા ૪૮ કલાકમાં રેલ વાહનવ્યવહાર ખરાબ રીતે પ્રભાવિત થયો છે.ગુજરાત માં વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાયા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓ સાથે વાત કરી હતી. ગુજરાત માં વરસાદને કારણે સ્થિતિ કાબૂ બહાર જઈ રહી છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે કેન્દ્રએ સેનાની ૬ ટુકડીઓ ગુજરાતમાં મોકલી છે. આ ટુકડીઓને વડોદરા અને દ્વારકા સહિતના સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોકલવામાં આવી છે.મુખ્યમંત્રીએ સૌરાષ્ટ્ર વિસ્તારના મોરબી, કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાઓ અને દક્ષિણ ગુજરાતના ભરૂચ અને ડાંગ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ સાથે વાત કરીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. અધિકારીઓને સ્થિતિ પર નજર રાખવા માટે કહેવામાં આવ્યું છે. એનડીઆરએફ અને કોસ્ટ ગાર્ડની મદદથી અત્યાર સુધીમાં ૧,૬૫૩ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ સિવાય સાવચેતીના ભાગરૂપે અત્યાર સુધીમાં હજારો લોકોને સ્થાળંતર કરવામાં આવ્યા છે. સુરેન્દ્રનગરમાં પાંચ ડેમો ઓવરફ્લો થયા. નાયકા ડેમ, ધોળી ધજા, ત્રિવેણી ઢાંગા ડેમ ઓવરફ્લો થયો. વાંસલ ડેમ અને મોરસલ ડેમ પણ ઓવરફ્લો. ડેમ ઓવરફ્લો થતાં નદીઓમાં પાણી આવ્યા. લોકોને નદીના પટ્ટમાં ન નીકળવા કરી અપીલ.કરાઈ હતી નાયકા ડેમમાં ૧૦ ગેટ ૫ ફૂટ ખોલવામાં આવ્યા. સુરેન્દ્રનગરનો ધોળી ધજા ડેમ, ભોગાવો નદી બે કાંઠે વંહેતી થઈ. જુનાગઢ શહેરમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. મોડી રાત્રે ભારે પવન સાથે વરસાદ ખાબકયો. ચાર કલાકમાં બે ઈંચથી વધુ વરસાદ પડતા અનેક વિસ્તારો જળબંબાકાર થયા. આજે પણ શહેરમાં વરસાદી માહોલ યથાવત જોવા મળ્યો. ભારે વરસાદને પગલે સાબલી ડેમના ચાર દરવાજા ખોલાયા હતા વંથલીના ખોરાસા નજીક આવેલા ડેમના દરવાજા ખોલવામાં આવ્યા.રાજ્યમાં વરસી રહેલા સાવર્ત્રિક વરસાદના પરિણામે કુલ-૭૬ જળાશયો સંપૂર્ણ તેમજ ૪૬ જળાશયો ૭૦ ટકાથી વધુ ભરાયા છે ગુજરાતના ૭૬ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જ્યારે ૪૬ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૨૩ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૩૦ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૩૧ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. રાજ્યમાં ભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૩.૩૮ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૩.૮૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે વણાક બોરી જળાશયમાં ૨.૮૭ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૮૭ લાખની જાવક, ઉકાઈમાં ૨.૪૭ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૪૬ લાખની જાવક, આજી-૪માં ૧.૬૩ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૬૩ લાખની જાવક, કડાણામાં ૧.૫૦ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૨૫ લાખની જાવક તેમજ ઉંડ-૧ માં ૧.૧૯ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૧૯ લાખ ક્યુસેક પાણીની જાવક નોંધાઈ છે. આ સિવાય વિવિધ ૯૪ જળાશયોમાં ૭૦ હજાર ક્યુસેકથી ૧,૦૦૦ હજાર ક્યુસેક સુધીની પાણીની આવક થઈ રહી છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ગુજરાત માં સિઝનનો કુલ ૧૦૦ ટકાને પાર વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૧૧૬.૭૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૯.૯૯ ટકા વરસાદ વરસ્યો છે. મધ્ય અને પૂર્વમાં ૯૮.૭૮ ટકા અને સૌરાષ્ટ્રમાં ૧૦૧ ટકા વરસાદ ખાબક્યો છે. તેમજ દક્ષિણ ગુજરાતમાં ૧૦૮ ટકા વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ જિલ્લાના તમામ ૨૫૧ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. ગુજરાતના ૭૬ ડેમ સંપૂર્ણ ભરાયો છે. ૯૬ ડેમ હાઈ એલર્ટ પર મુકાયા છે. ૪૬ ડેમ અને ૭૦ થી ૧૦૦ ટકાની વચ્ચે વરસાદ ખાબક્યો છે. રાજ્યમાં ૩૬ જેટલી નદીઓ અને તળાવ ઓવરફ્લો થયા છે. ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે હવામાન વિભાગે માછીમારોને ૩૦ ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.રાજ્યમાં શ્રાવણમાં શ્રીકાર વર્ષા થઈ રહી છે અનેક જિલ્લાઓને મેઘરાજાએ ઘમરોળી નાખ્યા છે. ભારે વરસાદથી નદી-નાળા છલકાયા છે. મુશળધાર વરસાદથી રાજ્યના અનેક રસ્તાઓ બંધ થયા છે, તો સેંકડો ગામોનો સંપર્ક કપાઈ ગયો છે. એસ.ટી બસ પરિવહનને વરસાદની ભારે અસર થઈ છે. વરસાદને લઈ રાજ્યભરના ૪૩૩ રૂટ બંધ થયા છે જ્યારે છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, આણંદ અને ખેડાનાં રૂટ પર અસર થઈ છે. રાજ્યમાં ૪૩૩ રૂટ બંધ કરતા ૨૦૮૧ ટ્રીપ કેન્સલ થઈ છે. ૧૪૫૧૨ રૂટ પૈકી ૪૩૩ રૂટ બંધ છે તેમજ ૪૦૫૧૫ ટ્રીપ પૈકી ૨૦૮૧ ટ્રીપ બંધ થઈ છે.સતત વરસી રહેલા વરસાદને કારણે સમગ્ર અમદાવાદમાં ભારે જળભરાવની સ્થિતિ સર્જાઈ છે. શહેરના તમામ વિસ્તારો પર પાણી ભરાયા છે. શહેરના પોશ ગણાતા જોધપુર વિસ્તારમાં પ્રેરણાતીર્થ રોડ પર પણ ઘૂંટણસમા પાણી ભરાયા છે અને લોકો ઘરોમાં ભરાઈ રહેવા માટે મજબુર બન્યા છે કારણે શહેરના માર્ગોએ જળસમાધિ લઈ લીધી છે. ગુજરાતમાં પૂરથી ઘણા જિલ્લાઓની મોટી વસ્તી પ્રભાવિત છે. રાજ્યમાં વરસાદ સંબંધિત અકસ્માતોમાં ૧૫ લોકોના મોત થયા છે. મોરબી જિલ્લામાં રવિવારે રાત્રે પાણીના જોરદાર પ્રવાહમાં ૧૭ લોકોને લઈ જતી ટ્રેક્ટર ટ્રોલી વહી ગઈ હતી. તો સોમવાર અને મંગળવારે પણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે અનેક લોકો ફસાયા હતા.

### થંભી ગયુ કચ્છ......



ગુજરાતમાં પડેલા ભારે વરસાદની અસર તમામ જીલ્લાઓમાં છે ત્યારે કચ્છમાં પડેલા સારા વરસાદ અને મોરબી મચ્છુ ડેમનુ પાણી છોડાતા કચ્છના જીનજીવન પર અસર પડી હતી કચ્છથી માળીયા તરફ જતા રસ્તા પર પાણી ફરી વળતા મુખ્ય અવરજવરનો રસ્તો બંધ કરાયો હતો તો કચ્છને જોડતી ટ્રેન સેવાને અસર થઈ હતી. અને કચ્છની ટ્રેનો રદ કરવામાં આવી હતી આમ મુખ્ય માર્ગ અને ટ્રેન સેવા બંધ થતા કચ્છનુ જનજીવન થોડા સમય માટે થંભી ગયુ હતુ...

વધુ અહેવાલ છેલ્લા પાને...

### ૨૩,૮૭૧ લોકોનુ સ્થળાંતર



ગુજરાતમાં પડેલા ભારે વરસાદને કારણે જનજીવન પર અસર પડી હતી રાજ્યમાં પડેલા ભારે વરસાદને કારણે અત્યાર સુધીમાં ૨૩,૮૭૧ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા તેમજ ૧,૬૯૬ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ હતુ વરસાદી આફતમાં બચાવ કામગીરી સહિતની મદદ માટે આર્મીની ૬ કોલમ ફાળવાઈ જે આણંદ,વડોદરા, ખેડા અને મોરબી તથા રાજકોટ જિલ્લામાં બચાવ રાહત માટે તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત એનડીઆરએફ ની ૧૪ પ્લાટૂન અને એસડીઆરએફ ની ૨૨ પ્લાટૂન ગુજરાતમાં રાહત-બચાવના કામમાં લાગી છે. વહીવટી તંત્રના સત્તાવાર આંકડા મુજબ અત્યાર સુધી ૭ વ્યક્તિના મોત થયા છે. વરસાદને કારણે રાજ્યમાં માર્ગો પર ઝાડ પડી જવા, રસ્તાઓ તૂટી જવા વગેરે કારણોસર રાજ્યમાં કુલ ૮૦૬ જેટલા જે માર્ગો બંધ છે ભારે વરસાદથી ગુજરાતના ૮૮૨૪ ગામોમાં વીજ પુરવઠાને અસર પડી હતી.૩૦/૦૮/૨૦૨૪ સુધી કોઈ માછીમારો દરિયામાં ન જાય તે માટી તાકીદ સાથે બંદરો પર ભયજનક સિંગ્નલ લગાડવામાં આવ્યા હતા સ્થાનીક વહીવટી તંત્ર સરકારના વિભોગ સાથે એરફોર્સ, નેવી, કોસ્ટ-ગાર્ડ અને આર્મીના અધિકારીઓ પણ સંકલનમાં રહી ગુજરાતની સ્થિતી પર નજર રાખી રહ્યા છે.

## મંકીપોક્સ સામેની લડાઈમાં ભારતને મોટી સફળતા

નવીદિલ્હી,તા.૨૭

મંકીપોક્સ ડિટેક્શન RT-PCR ટેસ્ટને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) તરફ થી ઉત્પાદકની મંજૂરી મળી છે. આ 'મેક ઈન ઈન્ડિયા' પહેલ માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે અને મંકી પોક્સ જાહેર આરોગ્ય કટોકટી સામેની લડતમાં એક મોટી પ્રગતિ છે.

સિમેન્સ હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડે જણાવ્યું હતું કે, "IMDX મંકી પોક્સ ડિટેક્શન RT-PCR ટેસ્ટ કીટ વડોદરામાં અમારા યુનિટમાં બનાવવામાં આવશે. તેની પ્રતિ વર્ષ ૧૦ લાખ કીટની ઉત્પાદન ક્ષમતા છે. ફેક્ટરી કિટ આપવા માટે સંપૂર્ણ પણે તૈયાર છે. IMDx મંકીપોક્સ ડિટેક્શન RT-PCR કિટ એ ગ્રાઉન્ડ બ્રેકિંગ ટેસ્ટ છે જે વાયરલ જીનોમમાં બે અલગ-અલગ પ્રદેશોને લક્ષ્ય બનાવે છે. તેમાં ક્લેડ I અને ક્લેડ I પ્રકારના વાયરસનો સમાવેશ થાય છે. તે વિવિધ વાઈરલ સ્ટ્રેનને શોધી કાઢવામાં સક્ષમ છે, વ્યાપક માહિતી પ્રદાન કરે છે."

સિમેન્સ હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડ ના મેનેજિંગ ડિરેક્ટર હરિહરન સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે મંકી પોક્સની સચોટ સારવારની જરૂર છે. તેમણે કહ્યું, "ભારતને મંકીપોક્સ સામે લડવા માટે તૈયાર કીટ પ્રદાન કરીને, અમે આ રોગ સામે લડવા માટે સક્રિય અભિગમ અપનાવીએ છીએ અને વહેલા અને સચોટ નિદાનને પ્રાથમિકતા આપીએ છીએ. "આ કિટ્સ 'સંભાળની ઍક્સેસ' સુધારવા પરના અમારા ધ્યાનનું પ્રમાણપત્ર છે અને આ કિટ્સ તે લક્ષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે."

સિમેન્સ હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડ ના જણાવ્યા અનુસાર, પરીક્ષણના પરિણામો ૪૦ મિનિટમાં ઉપલબ્ધ થશે. "આ પરંપરાગત પદ્ધતિઓ કરતાં નોંધ પાત્ર રીતે ઝડપી છે (જેમાં ૧-૨ કલાક નો સમય લાગે છે), પરિણામ માત્ર ૪૦ મિનિટમાં ઉપલબ્ધ છે," કંપની એ જણાવ્યું હતું. "ઝડપી પરિણામો મળવાથી સારવારમાં મદદ મળે છે." આ પહેલા દેશના કેરળ સહિતના સંભવીત વિસ્તારોમાં એલર્ટ આપવામાં આવ્યુ હતુ સાથે કોવીડ રસી બનાવવનાર ભારતીય કંપનીએ તેની રસી તૈયાર કરવાનો દાવો પણ કર્યો હતો. આફ્રીકન દેશોમાં ભારે કહેર મચાવનાર આ બિમારી સામે ડબલ્યુએચઓ એ સમગ્ર દેશ અને ભારતને પણ એલર્ટ રહેવા માટે તાકીદ કર્યુ હતુ જેને કારણે સ્કેનીંગ સહિત અસરગ્રસ્ત વિસ્તારમાંથી આવતા લોકોનુ ચેકીંગ શરૂ કરવામાં આવ્યુ હતુ જો કે ભારતને હવે આ મામલે મોટી સફળતા મળી છે.

## જય શાહ ICCના પહેલા ગુજરાતી ચેરમેન

ન્યૂઝીલેન્ડના વર્તમાન ICC અધ્યક્ષ ગ્રેગ બાર્કલેનો કાર્યકાળ સમાપ્ત થતા નવા ચેરમેન માટેની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. દરમ્યાન ICCએ ૨૦ ઓગસ્ટે કહ્યું હતું કે બાર્કલે ત્રીજી વખત ચેરમેન નહીં બને. તેઓ ૨૦૨૦થી આ પોસ્ટ પર હતા. તેઓ નવેમ્બરમાં તેમનું પદ છોડી દેશે. જે પદ માટે હવે ગુજરાતના જય શાહની પસંદગી થઈ છે હાલમાં જય શાહ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સેક્રેટરી છે. જે BCCIનું સેક્રેટરી પદ છોડશે જેથી આ પદ પર નવી પોસ્ટિંગ થશે અધ્યક્ષ પદ માટે નોમિનેશન ફાઈલ છેલ્લી તારીખ આજે હતી. જય શાહ સિવાય આ પદ માટે કોઈ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી, જેના કારણે શાહને ICCના અધ્યક્ષ બિનહરીફ ચૂંટવામાં આવ્યા હતા. જાહેર થયા બાદ જય શાહે જણાવ્યુ હતુ કે હું ક્રિકેટને વૈશ્વિક સ્તરે આગળ વધારવા માટે કામ કરવાનું ચાલુ રાખીશ. હાલમાં ક્રિકેટ



જય શાહ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના નવા અધ્યક્ષ બન્યા છે. શાહ બિનહરીફ અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા આમ તે પ્રથમ ગુજરાતી છે જે આઈસીસીના ચેરમેન બન્યા હોય ૧ ડિસેમ્બરના રોજ તે અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળશે

નાં બહુવિધ ફોર્મેટને પ્રોત્સાહન આપવું મહત્ત્વપૂર્ણ છે. હું નવી ટેક્નોલોજી લાવવાનો પ્રયાસ કરીશ. રમતની સાથે સાથે હું વર્લ્ડ કપ જેવી ઈવેન્ટને પણ ગ્લોબલ માર્કેટ્સમાં લઈ જઈશ."

## ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ત્રણ દિવસ સુધી ભારે વરસાદ અને પૂરનું એલર્ટ

નવીદિલ્હી,તા.૨૭

દેશના ઘણા ભાગોમાં, ખાસ કરીને મધ્ય અને પશ્ચિમી વિસ્તારોમાં મુશળધાર વરસાદ અને પૂરને કારણે પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે. ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા વરસાદને કારણે અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ છે. તે જ સમયે, હવામાન વિભાગે ગુજરાત તેમજ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગોવા અને મહારાષ્ટ્રમાં આગામી બે-ત્રણ દિવસ સુધી ભારે વરસાદ અને અચાનક પૂરની ચેતવણી જારી કરી છે.

મોરબીમાં પૂરગ્રસ્ત નદીનો માર્ગ ક્રોસ કરતી વખતે એક ટ્રેક્ટર ટ્રોલી ધોવાઈ ગઈ હતી, જેમાં ૧૦ લોકોને બચાવી લેવાયા છે, પરંતુ સાત લોકો હજુ પણ લાપતા છે. તે જ સમયે, જમ્મુ અને કાશ્મીરના રામબનમાં વાદળ ફાટવાને કારણે એક નાળામાં અચાનક પૂરમાં એક મહિલા અને તેના બે બાળકો વહી ગયા હતા.

ગુજરાતમાં પૂરથી ઘણા જિલ્લાઓની મોટી વસ્તી પ્રભાવિત છે. રાજ્યમાં વરસાદ સંબંધિત અકસ્માતોમાં ત્રણ લોકોના મોત થયા છે. મોરબી જિલ્લામાં રવિવારે રાત્રે પાણીના જોરદાર પ્રવાહમાં ૧૭ લોકોને લઈ જતી ટ્રેક્ટર ટ્રોલી વહી ગઈ હતી. NDRF અને SDRF ની ટીમો ગુમ થયેલા સાત લોકોને શોધવા માટે તૈનાત કરવામાં આવી છે. નવસારીના ખેરગામ તાલુકામાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૩૫૬ મીમી વરસાદ નોંધાયો છે. પાણીની સપાટી વધવાને કારણે સરદાર સરોવર ડેમના ૩૦માંથી ૨૩ દરવાજા ખોલવા પડ્યા હતા. નર્મદા નદીમાં ૩.૯૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. પૂરના જોખમને ધ્યાનમાં રાખીને, ભરૂચના નીચાણવાળા વિસ્તારોમાંથી ૨૮૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.રાજ્યમાં અત્યાર સુધીમાં પૂર પ્રભાવિત વિસ્તારો માં ફસાયેલા ૧૭,૮૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. રાજ્યમાં પ્રાથમિક શાળાઓ બંધ રાખવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે ફોન પર વાત કરી અને કેન્દ્ર તરફથી શક્ય તમામ મદદની ખાતરી આપી.

# જન્માષ્ટમી : 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી'


માધાપર






ભુજ




રાપર




મુંદ્રા


મુંદ્રા






સતાપર



માધાપર


દયાપર


વાંકુ


માતાનામઢ


કપુરાશી




દયાપર

**ભુજ** : વિશ્વ હિન્દુ પરિષદના સ્થાપના દિવસ તેમજ જન્માષ્ટમી નિમિત્તે ખાતે વિહિપ કાર્યાલય શિરોમણી મંદિર ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા, વી.વી સ્વામી, હિતેશ મહારાજ, કિરીટ સોમપુરા તથા વિશ્વ હિન્દુ પરિષદના પદાધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી યાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું, આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ એ આજના બંને પ્રસંગો જન્માષ્ટમી તેમજ વિશ્વ હિન્દુ પરિષદના સ્થાપના દિન નિમિત્તે સર્વેને શુભેચ્છા પાઠવી હતી, વિશ્વ હિન્દુ પરિષદના કૃષ્ણકાંત પંડ્યા એ જણાવ્યું હતું કે વિશ્વ હિન્દુ પરિષદને આજે જ્યારે ૬૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે સમગ્ર ભારત વર્ષમાં વિહિપ દ્વારા ષષ્ઠીપૂર્તિ વર્ષની ઉજવણી થઈ રહી છે, ભુજ ખાતે છેલ્લા ૫૦ વર્ષથી આ શોભા યાત્રા નીકળી રહી છે, આજની શોભા જાત્રામાં ૨૧ ઉપરાંત જગ્યા ઉપર મટકી ફોડ, બાળકો દ્વારા વેશભૂજા, સાથે ભુજના વિવિધ માર્ગો પર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવલબેન ગઢવી દ્વારા સોનાના કડાથી મટકીફોડ કરી આકર્ષણ જમાવ્યું હતું, આજના કાર્યક્રમમાં મંત્રી નાજાભાઈ ભરવાડ, દર્શન રાજગોર, જયેશ કોઠારી, કૃષ્ણકાંત પંડ્યા, ચેતન ઠાકર, ચેતન રાવલ, પ્રવીણ પુજારા, અરવિંદ ઠક્કર, કેવલ જેઠી, બજરંગ દળના કરણસિંહ જાડેજા, દીપકભાઈ પૂજારી, પ્રકાશભાઈ, રાકેશભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા વ્યવસ્થા જયેશ કોઠારી તથા ભુજ નગરની સમિતિએ સંભાળી હતી.

**માધાપર** : 'ભીંતચિત્રમાં કૃષ્ણચરિત્ર' પુસ્તકના માધ્યમ દ્વારા તાલુકાની માધાપર કન્યાશાળા દ્વારા જન્માષ્ટમી પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. પ્રદીપ ઝવેરી દ્વારા અંગ્રેજી ભાષામાં લખાયેલ પુસ્તકનું ગુજરાતી સંસ્કરણ ડો.પૂર્વી ગોસ્વામી દ્વારા કલા તીર્થ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી કૃષ્ણ જીવનને લગતા ૫૦૦ થી વધુ ભીંતચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે,જેમાંથી ડો.પૂર્વીબેન દ્વારા કૃષ્ણના જન્મથી લઈને તેમના મહાપરિનિર્વાણ સુધીના મુખ્ય ૫૦ ભીંતચિત્રો,તે ક્યાંથી લેવામાં આવ્યા અને ચિત્રમાં શું દર્શાવવામાં આવ્યું છે તેની વિસ્તૃત સમજ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન વડે સુંદર રીતે કરવામાં આવી હતી, નવચેતન અંધજન કન્યાકુંજ વિદ્યાલય ખાતે આયોજીત કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય નેહાબેન મહેતા દ્વારા શાબ્દિ આવકાર બાદ માધાપર કન્યાશાળાની દીકરીઓ દ્વારા કૃષ્ણના જીવન પર નૃત્યનાટિકા રજૂ કરવામાં આવી હતી, કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા હેતલબેન દેરાસરી તથા આભાર વિધિ ખુશ્બુબેન ગણત્રા દ્વારા કરવામાં આવી હતી.

**દયાપર** : લખપત તાલુકાના ઘડુલીમાં અહીંના મુખ્ય ચોકને ધજા પતાકાથી શણગારવાની સાથે પાટીદાર સમાજ દ્વારા શ્રાવણી પર્વ સાતમની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. યોજાયેલ આ પર્વને લઈને નાના બાળકોથી માંડીને વડીલો તેમજ મહિલાઓ સહિતના મોટી સંખ્યામાં લોકો દ્વારા બપોર થી મોડી સાંજ સુધી, અને રાતભર રાસ ગરબાની મોજ માણી હતી, અત્રે ઉલ્લેખનીય છે કે પાટીદાર સમાજ દ્વારા ઉજવાતા શ્રાવણી પર્વત સાતમ આઠમનું વિશેષ મહત્વ રહેલું છે અને આ તહેવારની ઉજવણી માટે ધંધાર્થે અન્યત્ર બહાર વસતા મોટી સંખ્યામાં પાટીદારો આ પર્વની ઉજવણી માટે અચૂક પોતાના માત્ર વતન આવે છે તાલુકાના દયાપર, ઘડુલી, દોલતપર, મેઘપર, નાની વિરાણી, ધારેશી, સિયોત સહિતના ગામોમાં પાટીદાર સમાજ દ્વારા ઉમંગભેર આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી, સોમવારે જન્માષ્ટમી પર્વને લઈને લખપત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ રાત્રે મંદિરોમાં કૃષ્ણ જન્મોત્સવ ની ઉજવણી ખૂબજ ધામધૂમથી કરવામાં આવે છે.

**નખત્રાણા** : જન્માષ્ટમી એટલે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન વિષ્ણુનો આઠમો કૃષ્ણ તરીકેનો અવતાર જે આખાય ભારત સહિત વિશ્વના ખૂણે ખૂણે વસતા સનાતન સમાજના લોકો આજે પણ ભક્તિભાવ પૂર્વક આનંદ ઉલ્હાસ પૂર્વક ઉજવતા હોય છે નંદ ઘેર આનંદ ભયોના નાદ થી વાતાવરણ ગુંજી ઉઠતું હોય છે, સાતમ આઠમના કચ્છમાં માતા જશોદાની માટીની મૂર્તિ બનાવવાની પરંપરા વર્ષો જુની છે. પાટીદાર,આહિર,રબારી જ્ઞાતિ દ્વારા આ પરંપરા હજુ પણ જળવાઈ રહી છે ખાસ કરીને પાટીદાર સમાજની મોટી વસ્તી ધરાવતા ગામોના લોકો જે ધંધાર્થે બહાર વસતા હોય છે, પરંતુ સાતમ આઠમ નિમિત્તે માદરે વતન આવી ઉત્સવ ઉજવતા હોય છે ત્યારે સમાન્ય રીતે ખાલી ખમ ભાસતા ગામડા સાતમ આઠમના તહેવારોમાં પુનઃ ધમધમી ઊઠે છે. મોટી વિરાણી ગામે પણ પાટીદારોની સંખ્યા મોટી સંખ્યામાં હોઈ સાતમ આઠમની સહિતનાં તહેવારો ગામમાં રોનક જોવા મળે છે,મોટી વિરાણી ગામે પણ વર્ષો જુની માં જશોદા બનાવવાની પરંપરા હજુ પણ જળવાઈ રહી છે છેલ્લા કેટલાય વર્ષોથી પાટીદાર યુવક મંડળના સદસ્યો પ્રભુદાસ નાકરાણી, રમણીક સોમજીયાણી,કાંતિ વાડિયા, વિરેન પોકાર, નિલેશ નાકરાણી,કલ્પેશ નાકરાણી દ્વારા, આજે પણ માં જશોદાની માટીની મૂર્તિ સ્વહસ્તે તૈયાર કરી શણગારવામાં આવતી હોય છે પ્રવર્તમાન ઝડપી યુગમાં લોકોમાં સમયનો અભાવ જોવા મળે છે, ત્યારે પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય કાઢી પરંપરા જાળવતા યુવાનો ખરેખર અભિનંદનને પાત્ર છે.

**મુંદ્રા** : અહીંના કાથાવાલા કોમ્પ્લેક્સની સામે આવેલ માનેશ્વર મહાદેવ મંદિરની બાજુ માં શીતળા માતાજીના મંદિરે સાતમના દિવસે યોજાયેલા મેળામાં ભાવિકો ઉમટી પડ્યા હતા, જ્યારે જન્માષ્ટમી રાત્રે શહેર કૃષ્યમય બની ગયું હતું. સાતમના અવસરે સાંજે શહેરના નુક્કડ ગ્રુપ દ્વારા જવાહર ચોક મધ્યે આવેલ કોટેશ્વર મહાદેવના મંદિરે ઝરમર વરસાદ વચ્ચે યોજેલી સંગીતમય મહાઆરતીમાં ભાવિકોનો ઘોડાપૂર ઉમટયો હતો,જ્યારે જન્માષ્ટમીના સવારથી વરસાદ વચ્ચે ભવ્ય મટકી ફોડ યાત્રા નરસંગજી મંદિર પાસેથી નીકળી હતી, જે શહેરના રામ મંદિર, જન સેવા ઓફિસ, માંડવી ચોક, જવાહર ચોક થઈ એસ ટી સ્ટેન્ડ પાસે પહોંચી હતી જ્યાં શહેરના વિશ્વ હિન્દૂ પરિષદ દ્વારા મટકી ફોડનું આયોજન કરાયું હતું નુક્કડ ગ્રુપ આયોજિત મટકી ફોડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે નવલખા બંગલા પાસે જય દ્વારકાધીશ ગ્રુપ અને બીજા નંબરે, મચ્છું કઠીયા સઈ સુતારની મટકીને સુધરાઈ પ્રમુખ રચનાબેન જોશી એ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા જન્માષ્ટમીના રાત્રીના ૧૨ના ટકોરે મુન્દ્રા કૃષ્ણમય બન્યું હતું અને શહેરની મદનમોહન હવેલી, પન્નાલાલની હવેલી, રાધાદામોદરની હવેલી ઠાકોરજીની હવેલીને રોશની થી શણગારી, કૃષ્ણ ભગવાનના જન્મોત્સવની ઉજવણી કરાઈ હતી ઢોલ નગારા અને શરણાઈના નાદે ભગવાન કૃષ્ણની નીકળેલી ભવ્ય શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું.

**રાપર** : જગતના નાથ દ્વારકા રાજાધિરાજ ભગવાન શ્રી કૃષ્ણનો જન્મદિવસ એટલે શ્રાવણ વદ આઠમ જન્માષ્ટમી. આ દિવસે જગતના નાથનો જન્મ કારાવાસમાં થયો હતો આજના દિવસે સમગ્ર દેશ અને વિશ્ર્વભરમાં ઉજવણી કરવામાં આવે છે. તે મુજબ વાગડ વિસ્તારના રાપર, આડેસર, બાલાસર, વૃજવાણી, ગાગોદર, ચિત્રોડ,ભીમાસર, ફતેહગઢ સલારી સહિત વગેરે ગામોમાં ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. રાપરમાં સવારે આંઢવાળા તળાવના કિનારે આવેલા રત્નેશ્વરદાદા મંદિર ખાતે મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, બપોરે ૧૨ વાગે દરીયાસ્થાન મંદિર,ગોકુળ નગર સ્વામિનારાયણ મંદિર, અયોધ્યાપુરી રાધાકૃષ્ણ મંદિર અને સ્વામિનારાયણ સત્સંગ હોલ, રામ મંદિર શંકરવાડી સહિત મંદિર મધ્યે મટકી ફોડ તથા રાત્રે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી, ઉપરાંત સુપ્રસિધ્ધ યાત્રાધામ વૃજવાણી ખાતે આહિર સમાજની મહિલાઓ અને કન્યાઓ એ રાસ રજૂ કરી જુની પરંપરા નિભાવી હતી, ઢોલના તાલે રાસ રમતી મહિલાઓ એ હેલ્લારોની યાદ તાજી કરાવી હતી, કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં કચ્છ, સૌરાષ્ટ્ર, ઉતર ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી આહિર સમાજના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. અયોધ્યાપુરી રાધાકૃષ્ણ મંદિર ખાતે મટકી ફોડ તથા કૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે મનુ રાજગોર, વસંત આદુઆણી, પ્રકાશ રાજગોર, દિનેશ વાવીયા, રમીલાબેન રાજગોર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા તો દરીયાસ્થાન મંદિર ખાતે રસિકલાલ આદુઆણી, દિનેશ ચંદે, વેલજી લુહાર, ગોવિંદ ઠક્કર તથા સ્વાધ્યાય પરિવારના અંબાલાલ ઠક્કર, અનિલ પટેલ તથા ગોકુલનગર ખાતે મટકી ફોડના કાર્યક્રમમાં ગોકુલ નગરી મિત્ર મંડળ ના રમેશ બેરા,રાજેશ કારોત્રા, મનિષ બારવાડીયા, નિતેશ ગોઠી, પરવીન આરેઠીયા વિગેરે એ જહેમત ઉઠાવી હતી.

**કપુરાશી** : લખપત તાલુકાના કપુરાશી ગામે શ્રાવણ માસ નિમિત્તે આવતા તહેવારોની ઉજવણી હિન્દુ યુવા સંગઠન ભારત દ્વારા શિવમંદિર ખાતે રાસગરબા, દોરી ખેંચ સ્પર્ધા, કૃષ્ણ જન્મોત્સવ, મટકી ફોડ, મહાઆરતી જેવા કાર્યક્રમોના આયોજનથી ધામધુમથી કરવામાં આવી હતી. જેમાં ગામના સમસ્ત હિન્દુ સમાજ આગેવાનો તેમજ ભક્તોજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, આ પ્રસંગે લખપત તાલુકાના હિન્દુ યુવા સંગઠનના પ્રમુખ દાનુભા સોઢા, સરપંચ પ્રતિનિધિ રમેશ જોષી, ગૌરક્ષક લખપત તાલુકાના પ્રમુખ મોન્ટી ગઢવી, એક્તા વિકાસ સમિતિના મહામંત્રી મહેશ ઠક્કર અને ગામની યુવા ટીમે ઉપસ્થિત રહી 'નંદભયો નંદભયો જય કનૈયાલાલકીના' નાદ સાથે પરિસર ગજાવ્યું હતું, કાર્યક્રમને સફળ બનાવવા હિન્દુ યુવા સંગઠનની ટીમે જહેમત ઉઠાવી હતી.

**લખપત** : વરસતા વરસાદ વચ્ચે દયાપરમાં જન્માષ્ટમી પર્વની કરાઈ ઉજવણી કરાઇ હતી વહેલી સવારે ઢોલ ત્રાંસા ના સુર તેમજ જય કનૈયા લાલ કી હાથી ઘોડા પાલખીના ના નાદ સાથે અબીલ ગુલાલની છોડો વચ્ચે ગામના મુખ્ય ચોક ખાતેથી વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી બાદમાં અહીંના બસ સ્ટેશન પર બાંધવામાં આવેલી મટકી ફોડ ગોવાળિયાઓ દ્વારા ફોડવામાં આવી હતી.શોભાયાત્રા ગામના મુખ્ય તળાવે પહોંચ્યા બાદ અહીં તળાવમાં આવેલા નવા નીરમાં જશોદા માતાનું ગોરણીઓ દ્વારા રાસ ગરબાની રમઝટ સાથે જશોદા માતાનું વિસર્જન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં દયાપર ના ગ્રામજનો, નાના બાળકોથી માંડીને વડીલો યુવાનો મહિલાઓ સહિતના લોકો જોડાયા હતા ઉલ્લેખનીય છે કે ધંધાર્થે બહાર વસતા પાટીદાર સમાજના મોટી સંખ્યામાં પાટીદારો આ શ્રાવણી પર્વત સાતમ આઠમની ઉજવણી કરવા માટે આવ્યા હોવાથી ઉજવણીનો અનેરો ઉત્સાહ હતો. પ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ ખાતે મઢ જાગીરના અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવાની ઉપસ્થિતિમાં બાલ ગોપાલ દ્વારા જય કનૈયા લાલ કી હાથીઘોડા પાલખીના જય નાદ સાથે વાજતે ગાજતે મટકી ફોડવામાં આવી હતી દયાપરમા વિવિધ ધાર્મીક કાર્યક્રમો સમગ્ર તાલુકા મથકો પર યોજાયા હતા. દયાપરમાં રબારી સમાજની મહિલાઓ દ્વારા પણ વાજતે ગાજતે દયાપર ગામના મુખ્ય તળાવમાં જશોદા માતાજીની મૂર્તિનું વિસર્જન કર્યું હતું બીજી તરફ લખપત તાલુકાના ઘડુલી ગામના મુખ્ય ચોકમાં જન્માષ્ટમી પર્વના બીજા દિવસે વહેલી સવારે મટકી ફોડ નો કાર્યક્રમ યોજાયો હતો મોટી સંખ્યામાં ગામ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**માધાપર** : જન્માષ્ટમી નિમિત્તે વિશ્વેશ્વર મહાદેવ મંદિર ઓધવબાગ-૨, માધાપર ખાતે કૃષ્ણ જન્મોત્સવની ભારે ધામધૂમ અને ભક્તિ ભાવપ ૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઓધવબાગ-૨ ના પ્રમુખ દિપક ડા-ગરે જણાવ્યુ હતુ કે જન્માષ્ટમી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયુ જેમાં સાજે વાજતે ગાજતે ચાલુ વરસાદમાં સમગ્ર સોસાયટીમાં શોભાયાત્રા નીકળી હતી અને રાત્રે કૃષ્ણ જન્મ ની ઉજવણી કરવામાં આવી ત્યારબાદ મટકીફોડ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો ભક્તજનો દ્વારા હર્ષોલ્લાસ અને ભક્તિ ભાવ પૂર્વક લાભ લઈ ઉજવણી કરી હતી આ સમગ્ર કાર્યક્રમના દાતા તરીકે અનીલ પટેલ પરિવાર ઓધવબાગ-૨ માધાપર રહ્યા હતા અને જ્યારે કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન મંદીરના પુજારી પ્રવીણગીરી ,ઓધવબાગ-૨ સમિતિ અને યુવા કાર્યકરો એ કર્યુ હતુ.

## આજનું રાશિફળ

**મેષ:**
આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે બીજાના કામ માટે દોડશો. આ કરવાથી તમે થાકને બદલે મનમાં જુદો સંતોષ મેળવશો. વૃદ્ધોની સેવા અને સદગુણ કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે.

**વૃષભ:**
આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમનેદરેક કિસ્સામાં ઘણી જવાબદારીઓ સોંપી શકાય છે. આજે તમારો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવા માટેનો રહેશે.

**મિથુન:**
આજે તમારો શુભ દિવસ રહેશે. વિરોધીઓ રાજકીય ક્ષેત્રે તમને પાછળ છોડી દેવાનો પ્રયત્ન કરશે. ધીરે ધીરે તમે સફળતા તરફ આગળ વધીશો. આજે તમે લાંબા સમયથી અટકેલા કાર્યમાં સફળતા પ્રાપ્ત થવાની આશા રાખશો.

**કર્ક:**
આજનો દિવસ ખાસ રહેશે. તમારું નસીબ દરેક બાબતમાં તમને ટેકો આપશે. વિરોધીઓની ષડયંત્ર નિષ્ફળ જશે અને તમે સફળતાના માર્ગ પર આગળ વધશો.

**સિંહ:**
આજનો દિવસ અન્ય દિવસોની તુલનામાં સામાન્ય રહેશે. રાશિ સ્વામી બુધના અન્ય ગ્રહો સાથે યોગ બનાવવાના કારણે તમને બૌદ્ધિક અને વ્યાવસાયિક ક્ષેત્રે સફળતા મળશે.

**કન્યા:**
તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને દરેક ક્ષેત્રમાં સારા પરિણામ મળે તેવી આશા છે. આજે તમને દિવસભર આવકના નવા સ્ત્રોત મળશે. વિરોધી પરાજિત થશે. તમારા ભાગ્યનો તારો ફરી ચમકવા લાગશે.

**તુલા:**
આજનો દિવસ ખાસ છે. આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે અને તમે આજે લેતા નિર્ણયોથી તમને ફાયદો થશે. સંતાન પક્ષના લગ્નજીવનમાં વિઘ્નોનો અંત આવશે. આજે લોકોમાં તમારો પ્રભાવ વધશે અને તમારી સાથે કામ કરનારાઓ પણ તમારી વાતોથી પ્રભાવિત થશે.

**વૃશ્ચિક:**
આજનો દિવસ તમારા માટે વિશેષ દિવસ છે અને ઘણા કિસ્સામાં તે પરિપૂર્ણતા આપવાનો છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી પ્રગતિ માટેની વિશેષ તકો મળશે. છેલ્લા કેટલાક સમયથી ચાલતા વિવાદનો આજે અંત આવી શકે છે અને પરિવારમાં ફરી સહકાર વધશે.

**ધન:**
આજનો દિવસ કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિ જેવો દેખાય છે. અતિશય મજૂરી કરશો પરંતુ આવક ઓછી થશે અને ખર્ચ વધારે હશે. ગુપ્ત દુશ્મનો સક્રિય રહેશે અને તમને પજવવાનું કામ કરી શકે છે. સૂર્યાસ્ત સમયે થોડી રાહત મળશે.

**મકર:**
તમારી સફળતા માટે માર્ગ તૈયાર કરશે. કાર્યમાં સફળતા, ઘરમાં ધનનો વધારો, મિત્રો પાસેથી પૈસાની પ્રાપ્તિ, નબળા શત્રુઓ પર વિજય અને તમામ પ્રકારની આશાઓ આજે પૂર્ણ થશે. તમારે કોઈ પણ ફંક્શનમાં જતા પહેલા સામાજિક અંતરનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ.

**કુંભ:**
આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમારી તરફેણમાં એક મહત્વપૂર્ણ વ્યવસાયિક કરાર ફાઇનલ કરવામાં આવશે તે તમારા મનમાં એક અલગ પ્રકારનો આનંદ લાવશે. તમે નવી યોજનાઓ પર નવા ઉત્સાહ સાથે કામ કરશો.

**મીન:**
તમને આજે દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને તમે ભાગ્યશાળી રહેશો. આજે સંતોની સભાથી મનમાં આનંદ થશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-સંપત્તિનો વિવાદ પણ હલ થશે. તમને આજે કોઈ મામલામાં સફળતા મળી શકે છે. સાંજે સ્વાસ્થ્ય થોડું નરમ થઈ શકે છે. કાળજી રાખજો.

# અંજાર યદુવંશી સોરઠીયા આહીર સમાજે પરંપરાગત કૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો





અંજાર તા.૨૭

યદુવંશી સોરઠીયા આહીર સમાજ કે, જે તે વખતના રાજા ભારમલજીએ સૌરાષ્ટ્ર પાંચાળ પ્રદેશમાંથી કચ્છ પધારેલ એભા પટેલ અને ફોતરી પટરાણીના પ્રમુખ પદે પધારેલ તે સમયથી આજ સુધી પરંપરાને જાળવી રાખી ભગવાનશ્રી કૃષ્ણનો જન્મોત્સવ ભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.


આ પ્રસંગે પ્રમુખ પ્રેમજી પેડવા, ઉપપ્રમુખ રમેશ કાતરીયા,મંત્રી મયુર હડીયા સાથે ધાર્મિક સમિતિ ચેરમેન નવીન હડીયા,ભદ્રેશભાઈ તેમજ ધાર્મિક સમિતિના સભ્યો સાથે અંજાર નગર પાલિકા કારોબારી ચેરમેન પાર્થ સોરઠીયા, આરોગ્ય વિભાગના વિનોદ ચોટારા, નગરસેવિકા કંચનબેન બાંભણીયા, રામદેવ પીર ભક્ત મંડળ, અનાદી શ્રીકૃષ્ણ ભક્ત મંડળ, મહિલા મંડળની બહેનો સાથે નાના બાળકો દ્વારા ભગવાનના વિવિધ વેશભૂષામાં સજજ થઈ ઉત્સવમાં જોડાયા હતા. સોરઠીયા આહીર સમાજના નવયુવાનોએ પોતાનો વર્ષો જૂનો પરંપરાગત પહેરવેશ પહેરી રાસની રમઝટ બોલાવી આકર્ષણ જમાવ્યું હતું,ચાલુ વરસાદે પણ ભક્તો દ્વારા નક્કી થયેલ પર જ પાલખી યાત્રા કાઢવામાં આવી હતી.

પ્રથમ સવાસર નાકા પાસે પંજોરપીર ગોપ મંડળ યુવાનો દ્વારા મટકી ફોડનું આયોજન કર્યું હતું, મોહનરાય મંદિર સાથે માધવરાવ મંદીર પુજારી દ્વારા પાલખીને વધાવવામાં આવી હતી, જ્યાં અનાદી શ્રી કૃષ્ણ ગોપ મંડળ દ્વારા મટકી ફોડવામાં આવેલ હતી આગળ જતા કસ્ટમ ચોક,દેવળીયા નાકા, ભરેશ્વર મંદિર પહોંચતા રાધે ક્રિષ્ના ગોપ મંડળ દ્વારા મટકી ફોડવામાં આવી, ત્યાં કૃષ્ણ ભગવાનની પાલખીનું મહાકાલેશ્વર મંદિર પૂજન ભોલા મારાજ દ્વારા કરવામાં આવેલ હતું, બાદ રામ નગર સમાજ વાડીથી પરત આવતા ભીડભંજન મહાદેવ મંદિરના પુજારી દ્વારા પૂજન કરવામાં આવેલ હતું ત્યાં ભીડ ભંજન ગોપ મંડળ દ્વારા મટકી ફોડવામાં આવેલ હતી, સોરઠીયા નાકા પ્રવેશ કરતા યાદવ ગ્રુપ દ્વારા અને હનુમાન ચોક પ્રવેશતા હનુમાન ભક્ત મંડળ દ્વારા મટકી ફોડવામાં આવેલ હતી.

પરત હિંગળાજ માતા મંદિર પધારતા ભગવાન કૃષ્ણનું પારણું ઝુલાવવા માટે વડીલોની પરંપરાને જાળવી રાખી,ચડાવામાં વિનોદ પેડવા જામનગરવાળાએ ઉરચ બોલી લગાવી ચડાવો લીધેલ હતો અને ભગવાન શ્રી કૃષ્ણનું પારણું ઝુલાવવા નું ભાગ્યએ પરિવારને પ્રાપ્ત થયું હતું, દાતા રતિલાલ કાતરીયા પરિવાર દ્વારા નાની વયની દીકરીઓને ભેટ સોગાત આપવામાં આવી હતી,ધાર્મિક કાર્યક્રમને સુરક્ષા પ્રદાન કરવા માટે પોલીસ ઈન્સ્પેકટર શ્રી ગોહિલ તથા શ્રી કીર્તિનું સન્માન સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ તથા કરછ આહીર મંડળના ઉપપ્રમુખ મુકેશ કાપડી દ્વારા શાલ ઓઢાડીને કરવામાં આવેલ હતું તેવું સમાજના જીતેન્દ્ર ચોટારાએ જણાવ્યું હતું.

# FILMY ગપશપ

## પોલીસ તપાસના આદેશ : તેલંગણા સરકાર અજય દેવગનથી નારાજ



મુંબઈ, તા.૨૭
અજય દેવગન તેમજ તેની ફિલ્મ 'મૈદાન'ના ફિલ્મ મેકર્સ મુશ્કેલીમાં આવી મુકાય તેવી શક્યતા છે, કારણ કે તેલંગણાના મુખ્યમંત્રી રેવંથ રેડ્ડીએ ફિલ્મ મેકર્સે ઈન્ડિયન ફૂટબોલ ટીમના ભૂત પૂર્વ કૉચ સૈયદ અબ્દુલ રહીમને વચન મુજબની રોયલ્ટી ન આપતા પોલીસ તપાસનો આદેશ આપ્યો છે. આ ફિલ્મમાં અજય દેવગને ફૂટબોલ કૉચ રહીમનો રોલ કર્યો હતો. જેમના કારણે ભારતીય ટીમ પહેલી વાર ૧૯૫૬ના મેલબોર્ન ઓલમ્પિક્સમાં સેમિ ફાઈનલમાં પહોંચાનારી પહેલી એશિયન ટીમ બની હતી.


સૂત્રોના જણાવ્યા અનુસાર, કૉચ રહીમના પરિવારે સીએમ ઓફિસ સમક્ષ પોતાની વ્યથા ઠાલવી હતી અને તેનાથી એ.રેવંથ રેડ્ડીએ ગુસ્સે થઈને ફિલ્મ મેકર્સની અસંવેદનશીલતા બાબતે ગુસ્સો વ્યક્ત કરતાં પોલીસ તપાસનો આદેશ આપ્યો છે. રહીમના પરિવારજનોએ અધિકારીઓને જણાવ્યું હતું કે અજય દેવગન અને ફિલ્મ મેકર્સે સ્ક્રિપ્ટ માટે પરિવાર પાસેથી કેટલીક અંગત અને વ્યવસાયિક માહિતિ લેતી વખતે તેમને રોયલ્ટી આપવાનું વચન આપ્યું હતું,તેલંગણાના મુખ્યમંત્રીએ આ બાબતને વ્યસાયિક અને વ્યાપારી લાભ ખાટવા માટે મૂલ્યો સાથે કરેલી છેતરપિંડી ગણી, જે સ્વીકાર્ય નથી અને તે રહીમ જેવા લીજન્ડનું અપમાન છે. વ્યાપેલી નારાજગીના પગલે અજય દેવગન અને ફિલ્મ મેકર્સ વિરુદ્ધ પોલિસ ફરિયાદ થાય તેવી શક્યતા છે. અધિકારીની દલીલ હતી કે, ભારતીય ફૂટબોલમાં રહીમના પ્રદાનથી અજાણ નવી પેઢીમાં તેમનું નામ અમર કરવાનું કામ આ ફિલ્મે કર્યું છે.

## સીમા પાહવાએ કહ્યું બાળ કલાકાર બન્યો ભણસાલીના ગુસ્સાનો શિકાર, આલિયા ભટ્ટે તેને બચાવ્યો



મુંબઈ, તા.૨૭
ફિલ્મ મેકર સંજય લીલા ભણસાલીના ગુસ્સાથી ઈન્ડસ્ટ્રીમાં દરેક વ્યક્તિ વાકેફ છે. ઘણીવાર સેલેબ્સ તેમના વિશે ઘણા ખુલાસા કરતા જોવા મળે છે. ભણસાલી સાથે ગંગુબાઈ કાઠિયાવાડીમાં મહત્વની ભૂમિકા ભજવનાર સીમા પાહવાએ પણ આ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. સીમાએ જણાવ્યું કે કેવી રીતે આલિયા ભટ્ટે બાળ કલાકારને ભણસાલીના ગુસ્સાથી બચાવ્યો હતો. તેણે કહ્યું કે કેવી રીતે આ ઘટનાએ અભિનેત્રી પ્રત્યે તેનું વલણ બદલી નાખ્યું.

સીમા પાહવાએ ગંગુબાઈ કાઠિયાવાડીમાં સેક્સ વર્કર શીલાનો રોલ કર્યો હતો. પોતાનો અનુભવ શેર કરતા સીમાએ કહ્યું કે તેણે વિચાર્યું ન હતું કે આલિયા આટલી ડાઉન ટુ અર્થ સ્વભાવની હશે. પરંતુ અભિનેત્રીનું વર્તન જોયા બાદ તેનો વિચાર બદલાઈ ગયો. સીમાએ હિન્દી રશને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું - હું વિચારતી હતી કે તે નવી છોકરી છે અને ફિલ્મી પરિવારમાંથી છે, મને આશ્ચર્ય છે કે તે એક વ્યક્તિ તરીકે કેવી હશે. પણ, મને નવાઈ લાગી. તેણીએ મારી સાથે ખૂબ આદરપૂર્વક વર્તન કર્યું કદાચ કારણ કે સંજયે મને એક વરિષ્ઠ અભિનેતા તરીકે ઓળખાવ્યો હતો. પરંતુ, સેટ પર બનેલી એક ઘટનાએ તેના વિશે મારો દ્રષ્ટિકોણ બદલી નાખ્યો. સીમાએ કહ્યું- એક સીનમાં એક નાની છોકરી હતી જેને સોના જેવી એક્ટિંગ કરવાની હતી અને પછી તેણે ડાયલોગ બોલવાનો હતો. તે લાંબા સમય સુધી તે એક સીનનું શૂટિંગ કરી રહ્યો હતો. સવારના લગભગ ૩ વાગ્યા હતા. છોકરીને ઊંઘ આવતી હતી. તેથી, જ્યારે પણ તે પથારીમાં જતી ત્યારે તે શાબ્દિક રીતે સૂઈ જતી અને તેના સંવાદો બોલી શકતી ન હતી. આનાથી સંજયને ખૂબ ગુસ્સો આવ્યો અને તે ચિડાઈ ગયો. તેઓ બૂમો પાડી રહ્યા હતા, 'તે દર વખતે કેમ સૂઈ જાય છે?' તે સમયે આલિયા ભટ્ટ તેની મદદ કરવા આવી હતી. મેં જાતે જોયું. તેણે બાળ કલાકારને કહ્યું, 'જ્યારે હું તારો હાથ ખેંચું છું, ત્યારે તું તારો સંવાદ બોલે છે.' તે એક નિઃસ્વાર્થ ચેષ્ટા હતી, જેણે મને પ્રભાવિત કર્યો.તમને જણાવી દઈએ કે, ગંગુબાઈ કાઠિયાવાડી કોવિડ મહામારી દરમિયાન રિલીઝ થયેલી સૌથી મોટી હિટ ફિલ્મ સાબિત થઈ હતી. સાલ્કનિકના અહેવાલ મુજબ, ફિલ્મે વિશ્વભરમાં ૨૧૧.૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.



અભિનેત્રી મેઘા શુક્લાએ તાજેતરમાં જ તેની લેટેસ્ટ તસવીરો ઈન્સ્ટ-ગ્રામ પર શેર કરી છે.અભિનેત્રી મેઘા શુક્લાની આ તસવીરો જોઈને ચાહકોને પણ તેની બોલ્ડનેસ પર ફિદા થઈ ગયા.અભિનેત્રી મેઘા શુક્લાની આ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ વાયરલ થવા લાગી છે.અભિનેત્રીની આ તસવીરોએ ઈન્સ્ટાગ્રામ પર તેના ચાહકોમાં હલચલ મચાવી દીધી હતી.

### આમિર ખાનના પ્રોડક્શન હાઉસે બંને સ્ટાર્સને સાથે લાવવાનો સંકેત આપ્યો

## સલમાન ખાન અને આમિર ખાન ૩૦ વર્ષ બાદ ફરી સાથે કામ કરશે?






મુંબઈ, તા.૨૭
બોલિવૂડ સ્ટાર્સ આમિર ખાન અને સલમાન ખાને 'અંદાઝ અપના અપના'માં ઓડિયન્સને પેટ પકડીને હસાવ્યું હતું. ૧૯૯૪ પછી પછી આ બંને સુપર સ્ટાર્સ ક્યારેય એકસાથે કોઈ ફિલ્મમાં જોવા મળ્યા નથી. પરંતુ આમિર ખાન પ્રોડક્શન્સ દ્વારા તાજેતરમાં એક્સ પર કરવામાં આવેલી પોસ્ટથી ઉત્સુકતા છવાઈ છે. કેટલાક આ સાથે બંને સ્ટાર્સ ૩૦ વર્ષે ફરી સાથે કામ કરે તેવી અટકળો પણ શરૂ થઈ છે.


આમિર ખાન પ્રોડક્શન્સ દ્વારા સલમાન ખાનની એક દાયકા જૂની પોસ્ટ શોધી કાઢવામાં આવી હતી. તેની આ ૨૦૧૦ની પોસ્ટમાં સલમાને લખ્યું હતું, "એ ફિલ્મ પછી મેં આમિરને મને અડવા દીધો નથી. એ મને સોનુ બનાવી દેત તો?" સલમાનના આ નિવેદનને ટાંકીને આમિર ખાન પ્રોડક્શન્સ દ્વારા લખવામાં આવ્યું, "અમે આ અંગે ઘણું વિચાર્યું." પ્રોડક્શન હાઉસની આ પોસ્ટથી દર્શકો અનેક ધારણાઓ અને આશાઓમાં ખોવાઈ ગયા છે. તેઓ આ પોસ્ટથી આમિર અને સલમાન વચ્ચેના કોલબરેશનની આશાઓ રાખે છે. એક યુઝરે લખ્યું, "નવી ફિલ્મનું નવું ટીઝર?" તો બીજા એક યૂઝરે લખ્યું, "તો તમે બંને કોઈ કામમાં એક સાથે આવી રહ્યા છો અને તમે તેનું માર્કેટિંગ કરવામાં બહુ સારા છો." તો કોઈએ લખ્યું, "દો દોસ્ત ફિર સે એક કપ મેં ચાય પિયેંગે ક્યા?" તો કોઈએ તો એમની બંનેની સાથે શાહરુખ પણ જોડાય તેવી શુભેચ્છા આપી હતી.

એક તરફ સલમાન ખાન તેની ફિલ્મ 'સિકંદર'નું શૂટિંગ શરૂ કરવાની તૈયારીમાં છે, જ્યારે આમિરે તો તાજેતરમાં એક કાર્યક્રમમાં પોતાના નિવૃત્તિના પ્લાન વિશે વાત કરી હતી. સુપ્રીમ કોર્ટમાં 'લાપતા લેડીઝ'ના સ્ક્રિનિંગ વખતે આમિરે કહ્યું, "હું સર(ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા)ને કહેતો હતો, કે કોવિડ દરમિયાન, જ્યારે હું ૫૬ વર્ષનો હતો, મને લાગેલું કે આ મારી કેરિઅરનો આખરી પડાવ છે, હું બસ હજુ ૧૫ વર્ષ સુધી કામ કરીશ. ૭૦નો થઈશ ત્યાં સુધી સક્રિયપણે કામ કરી શકીશ પછીનું કોણ જાણે છે. હું જે પણ શીખ્યો છું, તે હું પાછું આપવા માગું છું કારણ કે ઈન્ડસ્ટ્રી, સમાજ અને દેશે મને ઘણું આપ્યું છે. મને લાગેલું હું એક વર્ષની એક ફિલ્મ કરીશ, પરંતુ જો હું પ્રોડ્યુસ કરીશ તો હું એકથી વધારે સારી વાર્તાઓને ટેકો આપી શકીશ."

## નેપો કિડ્ઝ એકબીજાને મદદ કરે છે, આઉટસાઈડર્સ તેવું નથી કરતાઃ તાપસી



મુંબઈ, તા.૨૭
તાપસીએ ખુલાસો કર્યો છે કે બોલિવૂડનાં કહેવાતાં નેપો કિડ્ઝ પાસેથી તેણે એક મહત્વની વાત શીખી છે. તાપસીએ કહ્યું, "ઘણા બધાં લોકોથી મારો મત અલગ હોઈ શકે. જેના માતા-પિતા, ભાઈ બહેન કે કોઈ પણ અન્ય સંબંધી ઈન્ડસ્ટ્રીમાં હોય, તો કહેવાતા નેપોટીઝમવાળા લોકો, અથવા તો નેપોટીઝમના કારણે ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશી શકેલા લોકો, તેમનામાંથી હું જો એક બાબત શીખી હોય તો એ છે કે, તેઓ હંમેશા હળી-મળીને રહે છે, એકબીજાને હંમેશા મદદ કરે છે અને ટેકો આપે છે. જે આપણા જેવા ઘણા લોકો, જે બહારથી આવ્યા છે, તે આ લોકો જેટલું કરી શકતાં નથી." "આપણે હંમેશા સંઘર્ષ કરીએ, પડકારોનો સામનો કરીએ અને એકબીજાથી આગળ નીકળવાની હોડમાં રહીએ છીએ. આપણે એકબીજાનું માન જાળવીએ, અમે એકબીજાની ફિલ્મ જોઈને એકબીજાને મેસેજ કરીશું. પણ એ લોકો ફિલ્મ સારી હોય કે ખરાબ, એકબીજાની સાથે ઊભા રહેશે, એ વાઈબ આપણા બહારના લોકો કરતાં નેપો કિડ્ઝમાં વધારે છે. તાજેતરમાં તાપસી પન્નુની 'ફિર આયી હસીન દિલરૂબા' અને 'ખેલ ખેલ મેં' રિલીઝ થઈ છે. હવે તેની 'વો લડકી હૈ કહાં' ફિલ્મ આવશે. તેમજ તાપસી 'બ્લર' અને 'ધક ધક' બે ફિલ્મો તેના પ્રોડક્શન હાઉસમાં પ્રોડ્યુસ કરી છે.



રાધા રાનીના આ અવતારમાં તમન્ના ખૂબ જ સુંદર લાગી રહી હતી. જન્માષ્ટમી પહેલા તમન્ના ભાટિયાએ ફરી એકવાર આ લુક બતાવીને લોકોને દિવાના બનાવી દીધા.આ તસવીરોમાં તમન્નાએ સુંદર પેસ્ટલ રંગનો લહેંગો પહેર્યો છે. બ્લાઉઝ પણ આ પેસ્ટલ બ્લુ અને પિંક કલરના લહેંગા સાથે મેચિંગ છે.

## 'ધ ફેમિલી મેન'ની ચોથી સીઝનથી મનોજ બાજપાઈની વાર્તા પુરી

મુંબઈ, તા.૨૭
મનોજ બાજપાઈએ 'ધ ફેમિલી મૅન'માં શ્રીકાંત તિવારીની ભૂમિકા એટલી બખૂબી નીભાવી છે કે તેના ફૅન્સ માટે મનોજ અને શ્રીકાંત એકબીજાના સમાનાર્થી બની ગયા છે, આ પાત્રમાં તેમને એટલી મજા આવે છે કે હંમેશા કશુંક વધારે જોવાની લાલચ થયાં કરે છે. પરંતુ કેટલાંક અહેવાલોના આધારે એવું લાગી રહ્યું છે કે હવે ફૅન્સનો આ સિરીઝ એક બેઠકમાં જોઈ લેવાનો ઉત્સવ ટૂંક સમયમાં પૂરો થઈ જશે. આ સિરીઝના મેકર્સ રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડીકે આ સ્પાય ડ્રામાની ત્રીજી સીઝન પર કામ કરી રહ્યા છે અને તેમનો વિચાર આ સિરીઝને ચોથી સીઝન સાથે પુરી કરી દેવાનો છે.

જોકે, શ્રીકાંતના ફૅન્સ માટે એક રાહતના સમાચાર એ છે કે આ સિરીઝના મેકર્સે કથાને પુરી કરવાનો અખરી નિર્ણય હજુ સુધી લીધો નથી. હાલ તો ત્રીજી સીઝનનું કામ ચાલે છે, તો એ સીઝનને કેવો પ્રતિસાદ મળે છે અને મેકર્સને શું લાગે છે, તેના આધારે 'ધ ફેમિલી મેન'નું ભવિષ્ય નક્કી થશે.

આ સિરીઝ ૨૦૧૯માં શરૂ થયેલી, જેને અદભૂત પ્રતિસાદ મળ્યો હતો. તેમાં મનોજ બાજપાઈ, પ્રિયામણી અને શારીબ હાશ્મી મહત્વના રોલમાં છે. સિરીઝના બીજા ભાગથી સમંથા રૂથ પ્રભુએ હિન્દી સિરીઝમાં ડેબ્યુ કર્યુ હતું, જેમાં તેણે એક ઉગ્રવાદીનો રોલ કર્યો હતો. હવે ત્રીજી સીઝનમાં ત્રણ મુખ્ય પાત્રો તો એમના એમ રહેશે, જેમાં સુચિત્રા તિવારી તરીકે પ્રિયામણિ, શારીબ હાશમી જે કે તલપદે તરીકે, આશ્લેશા ઠાકુર ધૃતિ તિવારી તરીકે, વેદાંત સિંહા અથર્વ તિવારી તરીકે હશે.

# SPORTS કોર્નર

## દુલીપ ટ્રોફીની શરૂઆત પહેલા સિરાજ અને રવીન્દ્ર જાડેજા ઈન્ડિયા બી ટીમમાંથી બહાર





મુંબઈ,તા.૨૭
૫ સપ્ટેમ્બરથી શરૂ થનારી દુલીપ ટ્રોફીની શરૂઆત પહેલા જ ત્રણ મોટા ખેલાડીઓ આ સ્પર્ધામાંથી બહાર થઈ ગયા છે. ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ અને ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા દુલીપ ટ્રોફીમાં નહીં રમે, બંને ઈન્ડિયા બી ટીમનો ભાગ હતા.

સુત્રોના જણાવ્યા અનુસાર, મોહમ્મદ સિરાજ બીમાર છે અને તેના માટે દુલીપ ટ્રોફી મેચ સુધી ફિટ રહેવું મુશ્કેલ છે. રવીન્દ્ર જાડેજા સાથે પણ કંઈક આવું જ થયું છે, તેમની તબિયત પણ સારી નથી. બીજી તરફ ઈન્ડિયા સી ટીમમાં સામેલ થયેલા ફાસ્ટ બોલર ઉમરાન મલિક પણ નાદુરસ્ત તબિયતના કારણે રમી શકશે નહીં.

ઉમરાન મલિકની જગ્યાએ ગૌરવ યાદવને ઈન્ડિયા બીમાં તક મળી છે. ઈન્ડિયા મ્માં મોહમ્મદ સિરાજની જગ્યાએ નવદીપ સૈનીનો સમાવેશ કરવામાં આવ્યો છે. દુલીપ ટ્રોફી ૫ સપ્ટેમ્બરથી અનંતપુર, આંધ્રપ્રદેશ અને બેંગલુરુમાં શરૂ થશે. દુલીપ ટ્રોફીમાં ઈન્ડિયા એ, ઈન્ડિયા બી ઈન્ડિયા સી અને ઈન્ડિયા ડી ટકરાશે.

દુલીપ ટ્રોફી ટીમ અને સ્કવોડ

ભારત એઃ શુભમન ગિલ (કેપ્ટન), મયંક અગ્રવાલ, રિયાન પરાગ, ધ્રુવ જુરેલ, કેએલ રાહુલ, તિલક વર્મા, શિવમ દુબે, તનુષ કોટિયન, કુલદીપ યાદવ, આકાશ દીપ, પ્રસિદ્ધ કૃષ્ણા, ખલીલ અહેમદ, અવેશ ખાન, વિધ્વત કવિરપ્પા, કુમાર કુશાગ્ર, શાશ્વત રાવત.

ભારત બીઃ અભિમન્યુ ઈસ્વરન (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, સરફરાઝ ખાન, રિષભ પંત, મુશીર ખાન, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, નવદીપ સૈની, યશ દયાલ, મુકેશ કુમાર, રાહુલ ચાહર, આર સાઈ કિશોર, મોહિત અવસ્થી, એન જગદીશન.

ભારત સીઃ ઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), સાઈ સુદર્શન, રજત પટીદાર, અભિષેક પોરેલ, સૂર્યકુમાર યાદવ, બી ઈન્દરજીત, ઋત્વિક શૌકીન, માનવ સુથાર, ગૌરવ યાદવ, વિષક વિજયકુમાર, અંશુલ કંબોડ, હિમાંશુ ચૌહાણ, મયંક વરરાણી, મયંક માર્કંડે, આર્યન જુયાલ, સંદીપ વોરિયર.

ભારત ડીઃ શ્રેયસ અય્યર, અથર્વ તાયડે, યશ દુબે, દેવદત્ત પડિકલ, ઈશાન કિશન, રિકી ભુઈ, સારાંશ જૈન, અક્ષર પટેલ, અર્શદીપ સિંહ, આદિત્ય ઠાકરે, હર્ષિત રાણા, તુષાર દેશપાંડે, આકાશ સેનગુપ્તા, કેએસ ભરત, સૌરભ કુમાર.

## ટી ૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડીયાનું એલાન, સ્મૃતિ અને શૈફાલી સામેલ



મુંબઈ,તા.૨૭
વુમન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ભારતે ટીમની જાહેરાત કરી દીધી છે. હરમનપ્રીત કૌરની કેપ્ટન્સી વાળી ટીમ ઈન્ડિયામાં અનુભવી ખેલાડીઓની સાથે સાથે યંગ પ્લેયર્સને પણ તક મળી હતી. સ્મૃતિ મંધાના અને શૈફાલી વર્મા ટીમ ઈન્ડિયામાં શામેલ છે. રાધા યાદવ અને જેમિમા રોડ્રિગ્ઝને પણ ટીમ ઈન્ડિયામાં જગ્યા મળી છે.

વુમન્સ ટી૨૦ વિશ્વ કપ ૨૦૨૪ની શરૂઆત ૩ ઓક્ટોબરથી થઈ રહી છે. ભારતની પહેલી મેચ ન્યૂઝીલેન્ડ મહિલા ટીમ સાથે છે. આ મેચ ૪ ઓક્ટોબરે રમાશે. આ ટૂર્નામિન્ટનું આયોજન યુએઈમાં થશે.

ભારતે હરમનપ્રીત કૌરને કેપ્ટન્સી સોંપી છે. ટીમ ઈન્ડિયાએ સ્મૃતિ મંધાના, શૈફાલી વર્મા અને દીપ્તિ શર્માને તક આપી છે. તેની સાથે સાથે જ જેમિમા રોડ્રિગ્સ, ઋચા ઘોષ અને યષ્ટિકા ભાટિયાને પણ તક મળી છે. પૂજા વસ્ત્રાકર, રેણુકા સિંહ, હેમલતા, શોભના અને રાધા યાદવને પણ તક આપવામાં આવી છે. ટૂર્નામિન્ટમાં ભારતની પહેલી મેચ ન્યૂઝલેન્ડ સામે છે. આ મેચ દુબઈમાં રમાશે. ટીમ ઈન્ડિયા કુલ ૪ ગ્રુપ મેચ રમશે. તેમાંથી ૩ મેચ દુબઈમાં અને એક મેચ શારઝાહમાં રમાશે.

હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાનના (વાઈસ કેપ્ટન), શૈફાલી વર્મા, દીપ્તિ શર્મા, જેમિમા રોડ્રિગ્સ, ઋચા ઘોષ (વિકેટકીપર), યાસ્ટિકા ભાટિયા(વિકેટકીપર),પૂજા વસ્ત્રાકર, અરંધતિ રેડ્ડી, રેણુકા સિંહ ઠાકોર, દયાલન હેમલતા, આશા શોભના, રાધા યાદવ, શ્રેયંકા પાટિલ સજના સજીવન.

રિઝર્વ પ્લેયર્સ
ઉમા છેત્રી, તનુજા કંવર અને સાઈમા ઠાકોર

## ઓસ્ટ્રેલિયા સામે સીમિત ઓવરની શ્રેણી ઈંગ્લેન્ડની ટીમમાં બેયરસ્ટો અને મોઈન અલી બહાર



મુંબઈ,તા.૨૭
ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયા સામેની આગામી સીરીઝ માટે જોની બેયરસ્ટો અને મોઈન અલીને પડતો મુક્યો છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે તદ્દન નવી ટીમની પસંદગી કરી છે. જો કે આ ટીમની કમાન જોસ બટલર સંભાળશે. બેયરસ્ટો અને મોઈન અત્યાર સુધીમાં ૪૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચુક્યા છે, પરંતુ વનડે અને ટી ૨૦ વર્લ્ડ કપમાં નિરાશાજનક પ્રદર્શન બાદ તેમને બહાર કરવામાં આવ્યા છે. મેથ્યુ મોટને ગયા મહિને ઈંગ્લેન્ડના મર્યાદિત ઓવરોના મુખ્ય કોચ પદેથી કાઢી મૂકવામાં આવ્યા હતા અને સોમવારે ટીમની જાહેરાત સાથે ફેરફારો ચાલુ રહ્યા હતા. મોટની જગ્યાએ અનુભવી માર્કસ ટ્રેસ્કોથિકને વચગાળાના કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તેમની પ્રથમ સોંપણી માટે તેમણે પાંચ અનકેપ્ડ ખેલાડીઓને ટીમમાં સામેલ કર્યા છે. ડાબા હાથના ફાસ્ટ બોલર જોશ હલ, ઓલરાઉન્ડર જેકબ બેથેલ અને ફાસ્ટ બોલર જોન ટર્નરની ODI અને T20 બંને ફોર્મેટમાં પસંદગી કરવામાં આવી હતી. તે જ સમયે, ડેન મૌસલી અને જોર્ડન કોક્સને ટી૨૦ ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. મોઈન મર્યાદિત ઓવરોની ક્રિકેટમાં ઈંગ્લેન્ડની ટીમનો વાઈસ કેપ્ટન હતો, પરંતુ હવે તે ૩૭ વર્ષનો છે અને તેણે સ્વીકાર્યું છે કે તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંત આવી રહ્યો છે. સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર તરીકેની તેની ભૂમિકા તેના વોરવિકશાયર ટીમના સાથી બેથેલ અને મૂસલી દ્વારા આવરી લેવામાં આવશે. બેયરસ્ટો આવતા મહિને ૩૫ વર્ષનો થઈ જશે, પરંતુ તેની પાસે હજુ પણ ઘણું ક્રિકેટ બાકી છે અને તેણે આઈપીએલ ૨૦૨૪ અને ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં તે સાબિત કર્યું.

બેયરસ્ટો એ ટીમનો અભિન્ન ભાગ હતો જેણે ઈંગ્લેન્ડને ૨૦૧૯માં ચેમ્પિયન બનાવ્યું હતું. બેયરસ્ટોએ ૨૦૧૯ વર્લ્ડ કપ ટુર્નામિન્ટમાં ભારત અને ન્યુઝીલેન્ડ સામે સદી ફટકારી હતી. ગયા વર્ષે ઓક્ટોબરમાં તેણે ઈસીબી સાથે બે વર્ષના કેન્દ્રીય કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. જો કે, લગભગ ૧૪ મહિના બાકી છે, બેયરસ્ટોએ પોતાનું સ્થાન ગુમાવ્યું છે. હાલમાં જ તેને તેની ૧૦૦મી ટેસ્ટ કેપ મળી હતી, પરંતુ તે પછી તેને ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો.

# તસ્વીરમા ગુજરાત-કચ્છની વરસાદી મુશ્કેલી !



બે દિવસ સુધી ગુજરાતમાં પડેલા વરસાદને કારણે રાજ્યોમા અનેક જગ્યાએ મુશ્કેલની તસ્વીર સામે આવી હતી જેમા ક્યાક લોકોને સલામત બચાવાયા હતા તો ક્યાક પાણી ભરાઈ જતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો રાજ્યમા લોકોને સલામત અને સુરક્ષીત રાખવા માટે સરકાર અને સ્થાનીક તંત્ર સ્ટેન્ડ બાય છે પરંતુ છંતા વરસાદે ગુજરાતમા ખુશી સાથે મુશ્કેલી સર્જી હતી નર્મદા ડેમ સહિત રાજ્યના ડેમો છલકાયા હતા તો રસ્તા તથા ઘરો સુધી ભારે વરસાદના પાણી ભરાતા અનેક સ્થળોએ નુકશાની ગઈ હતી.

# ગુજરાત પર આભ ફાટ્યુ : હજુ ૭૨ કલાક અતિભારે વરસાદની આગાહી !

**ગુજરાતમાં આગામી ૭૨ કલાક હજુ અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. મંગળવારે રાજ્યના ૨૪૫થી વધુ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત બાદ અને સૌરાષ્ટ્રમાં ભારે તોફાની બેટિંગ વરસાદે કરી હતી. વડોદરમા પુર જેવી સ્થિતી નિર્માણ પામી છે તો રાજકોટમાં વર્ષો બાદ ભારે વરસાદ પડ્યો હતો ભારે વરસાદને કારણે અનેક ડેમ ઓવરફ્લો થતા એલર્ટ અપાયુ છે તો બીજી તરફ રાજ્યમા વરસાદથી અનેક માર્ગો ધોવાઈ ગયા હતા તો હજારો લોકોને સલામત ખસેડવા પડ્યા હતા**

અમદાવાદ,તા.૨૭

રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતી સામે નાગરિકોની સલામતી માટે રાજ્યનું વહીવટી તંત્ર આગોતરી તૈયારી સાથે સુસજ્જ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઝીરો કેઝ્યુલીટીના અભિગમ સાથે રાહત-બચાવ માટે ટીમો ખડેપગે તૈનાત છે. મુખ્યમંત્રી ઉપરાંત મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ સહિત રાહત કમિશનર સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતેથી સમગ્ર રાજ્યની પરિસ્થતિનો સતત તાગ મેળવી જરૂરી સહાય અને માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

આ ઉપરાંત વરસાદથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં પ્રભારી મંત્રીશ્રીઓ તેમજ પ્રભારી સચિવશ્રીઓ પણ જિલ્લા મથકે બેઠક કરીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયેલી આગોતરી તૈયારીઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે. ભારત સરકાર દ્વારા પણ રાહત-બચાવ કામગીરી માટે આર્મીની ૬ કોલમ ક્રમશઃ દેવભૂમિ દ્વારકા, આણંદ, વડોદરા, ખેડા, મોરબી અને રાજકોટ જિલ્લામાં ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત NDRFની ૧૪ પ્લાટૂન અને SDRFની ૨૨ પ્લાટૂન પણ આપત્તિ વ્યવસ્થાપનના કામમાં જોડાઈ છે. સાથે જ કોસ્ટગાર્ડ અને નેવીની ટીમો પણ રાહત બચાવના કામમાં જોડાઈ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૩,૮૭૧ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે તેમજ ૧,૬૯૬ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે.

અનરાધાર વરસાદથી પંચમહાલ, ખેડા, આણંદ અને વડોદરા જિલ્લાના વિવિધ સબ સ્ટેશનમાં પાણી ભરાવાના અને વીજ પોલ પડી જવાના કારણે કુલ ૫૬૯ ગામોમાં વીજ પુરવઠો પ્રભાવિત થયો હતો. આ તમામ ગામોમાં તાત્કાલિક ધોરણે વીજપુરવઠો પુનઃ સ્થાપિત કરવા સ્ક્ફ-ઝની ૫૩૬ ટીમોના ૧૭૦૦થી વધુ વીજ કર્મીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યા છે.

વડોદરામાં વરસી રહેલા અનરાધાર વરસાદમાં કોઈપણ સગર્ભા મહિલાને તકલીફ ન પડે તેવા પ્રયત્નો જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે. હાલના સમયમાં પ્રસુતિ થવાની શક્યતા ધરાવતી આશરે ૪૫ જેટલી સગર્ભા મહિલાઓને તંત્ર દ્વારા નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી છે. આ કેન્દ્રો ખાતે તબીબી નિરીક્ષણ હેઠળ સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે.

એટલું જ નહિ, વડોદરા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે પીવાના પાણીના સ્ત્રોતોમાં ક્લોરીનેશનની કામગીરી પણ કરવામાં આવી રહી છે. વરસાદી પાણીથી પ્રભાવિત ગામોમાં આશ્રય સ્થાનો ઉપર રાખવામાં આવેલા ગ્રામજનોનું પણ તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ માટે આરોગ્યકર્મીઓ દ્વારા આશ્રય સ્થાનોની મુલાકાત લેવામાં આવી રહી છે. રાજ્યભરમાં વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી રાહત-બચાવ કામગીરી

બોટાદના ખાંભડા ડેમામાંથી પાણી છોડવામાં આવે તો નીચાણવાળા ભાગોમાં રહેતા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની શક્યતાઓને ધ્યાને રાખી વહીવટી તંત્ર દ્વારા બરવાળા તાલુકાના ખાંભડા ગામના ૧૯૮ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

મોરબી જિલ્લામાં ભારે વરસાદના કારણે માળિયા તાલુકાના મોટા દહીંસરા ૧૩૨ કે.વી. સબ સ્ટેશનમાં ફસાયેલા ૬ કર્મચારીઓને બનતી ત્વરાએ રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા. બચાવ બાદ આ કર્મચારીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

દાહોદ જિલ્લામાં ભારે વરસાદના પરિણામે ફતેપુરા તાલુકાના હિંડોલીયા ખાતે એક જર્જરિત મકાન મકાન ધરાશાયી થતા અબોલ પશુ ઈજાગ્રસ્ત થયા હતા. પશુપાલન વિભાગની ટીમે તાત્કાલિક ધોરણે સ્થળ પર જઈને સારવાર કરી ઘાયલ પશુઓને સલામત સ્થળે ખસેડ્યા હતા.

ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદ અને પવનથી તાલાલા-જામવાળા રોડ પર વૃક્ષો ધરાશાયી થતા રસ્તો બંધ કરાયો હતો. માર્ગ અને મકાન વિભાગની ટીમે ધરાશાયી વૃક્ષોને દૂર કરીને વાહન વ્યવહાર ફરી પૂર્વવત કર્યો છે.

ભારે વરસાદથી જામનગર શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા, ફાયર વિભાગની ૧૦ ટીમ ઉપરાંત એન.ડી.આર.એફના જવાનોએ ૭૦ જેટલા નાગરિકોને રેસ્ક્યુ કરીને સલામત સ્થળે ખસેડ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા પ્રસુતિની સંભાવના ધરાવતી ૩૦ જેટલી સગર્ભા મહિલાઓને તબીબી નિરીક્ષણ માટે નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં સાવચેતીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં રહેતા આશરે ૪,૦૦૦ જેટલા નાગરિકોને સુરક્ષિત જગ્યાએ સ્થળાંતરિત કરાયા છે. આ ઉપરાંત અગમચેતીના ભાગરૂપે ૨૦ જેટલા રસ્તાઓના કોઝ-વે પણ બંધ કરાયા છે.

વડોદરા શહેરમાં એક જ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સને ૨૮૫ કોલ મળ્યા હોવા છતાં, એમ્બ્યુલન્સ સેવા અટકી નહોતી. પાણી ભરાયેલા હોય તેવા વિસ્તારમાંથી ૪૯ દર્દીઓને એમ્બ્યુલન્સના માધ્યમથી સહી સલામત હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત મંજુસર રોડ પર એક સગર્ભા મહિલાની એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસુતિ કરવામાં આવી હતી.

મોરબી જિલ્લામાં મચ્છુ નદીનું જળ સ્તર વધતા સાવચેતીના ભાગરૂપે સામખીયાળીથી માળીયા સુધીના નેશનલ હાઈવે પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નીચાણવાળા વિસ્તારોમાંથી ૧૦ ખાસ ટીમો દ્વારા નાગરીકોનું રહેવા, જમવા જેવી સુવિધા ધરાવતા ૩૦ સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. જામનગરમાં વહીવટી તંત્ર દ્વારા એરફોર્સની મદદથી વાડી વિસ્તારમાં ફસાયેલા ૧૧ નાગરિકોનું રેસ્ક્યુ કરાયું હતું. લાલપુર તાલુકાના નવાગામમાં વાડી વિસ્તારમાં નાના બાળકો સહિત ૧૧ લોકો ફસાયા હતા, જેની ગંભીરતા સમજી એર-ફોર્સના હેલિકોપ્ટરથી તેઓને સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા.

વડોદરા જિલ્લામાં નીચાણવાળા અને નદીની આસપાસ વસતા કુલ ૮૩૬૧ નાગરિકોને સલામત સ્થળે ખસેડી આશ્રય આપવામાં આવ્યો છે. તંત્ર દ્વારા આ નાગરીકો માટે ભોજન, નાસ્તો સહિતની તમામ જરૂરી વ્યવસ્થાઓ સાથે તેમનું હેલ્થ સ્ક્રિનિંગ પણ કરવામાં આવ્યું છે

## નાગરિકોને જોખમી સ્થળોએ ન જવા અનુરોધ

કચ્છ જિલ્લામાં વરસાદી મોસમના ફરી મંડાણ થયા છે. કચ્છને રેડ એલર્ટ ઝોન જાહેર કરાયો છે ત્યારે જિલ્લાના નાગરિકોએ નદી, નાળા, તળાવ, ડેમ સાઈટ કે અન્ય કોઈ પાણી ભરાતું હોય તેવા સ્થળો ન જવા અને આ બાબતે યોગ્ય તકેદારી રાખવા માટે જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ અનુરોધ કર્યો છે.સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ લાંબા વિરામ બાદ ફરી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. છેલ્લા ૨૪ કલાકમાં જ સમગ્ર જિલ્લામાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે. જિલ્લાના લગભગ તમામ નદી, નાળા, તળાવ અને ડેમમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ રહી છે. આ સ્થળોએ કોઈ વ્યક્તિ ન જાય અને કોઈ પણ દુર્ઘટના બનવા ન પામે તે માટે વહીવટી તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે.ઉપરાંત રસ્તાઓ પરથી પસાર થતા હોય ત્યારે કોઝ વે પરથી પાણી પસાર થતું ત્યારે રસ્તો પાર ન કરવા તથા ઉંડા પાણીમાં ન જવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.હજુ આવનારા દિવસોમાં ભારે વરસાદની આગાહી છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે છે.જિલ્લામાં એન.ડી.આર.એફ.ની એક ટૂકડી આવી છે, તે કોઈપણ મુશ્કેલ સ્થિતિને પહોંચી વળવા સતત તૈનાત છે. જિલ્લામાં ફાયર, પોલીસ, પંચાયત, પી.જી.વી.સી.એલ., આપત્તિ વ્યવસ્થાપન સહિતના તમામ વિભાગની ટીમ તૈયાર છે. કોઈ પણ બનાવની વિગતો નાગરિકોને મળે તો તેઓ તે વિગતો કંટ્રોલ રુમ સુધી પહોંચાડી શકે છે.

# નર્મદા ડેમના ૨૩ ગેટ ખોલી નદીમાં કુલ ૩.૯૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે

રાજપીપલા,તા.૨૭

નર્મદા બંધના ઉપરવાસમાં પડી રહેલા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી રવિવારે રાત્રે સરદાર સરોવર બંધનાં ૧૫ દરવાજા ૨.૮૫ મીટર ખોલવામાં આવ્યા હતા. જોકે ઉપરવાસમાંથી સતત પાણીની આવક વધતાં સોમવારે બપોર ૧ = ૦૦ કલાકે વધુ ૮ ગેટ મળી કુલ - ૨૩ ગેટ ૨.૨ મીટર જેટલા ખોલવામાં આવ્યા છે. જેને કારણે બંધના નીચલા વિસ્તારમાં ૩.૯૫ લાખ ક્યુસેક પાણી વહી રહ્યું છે. નર્મદા ડેમના ઉપરવાસમાં હાલ ૩૬૮૪૭૫ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. જેથી નદી તળ વિદ્યુત મથક નાં ૦૬ મશીનો અને સરદાર સરોવર બંધનાં ૨૩ દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૩,૯૫,૦૦૦ (૪૫,૦૦૦ ૩,૫૦,૦૦૦) ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેક્ટરશ્રી એસ. કે.મોદીએ જિલ્લાના નાગરિકોને અપીલ કરતા જણાવ્યું કે, નર્મદા ડેમના ઉપરવાસમાંથી જેટલો પાણીનો ઈન્ફ્લો છે તેના પ્રમાણમાં જ આઉટ ફ્લો છે. નર્મદા નદીમાં છોડવામાં આવી રહેલા પાણીની માત્રા હાલમાં ઓછી છે જેથી કોઈએ ગભરાવાની જરૂર નથી. પરંતુ સતત વરસી રહેલા વરસાદથી સૌએ સાવચેતી રાખવી જરૂરી છે. ક્યાંક પાણીનો ભરાવો થાય તો તેનો ઝડપી નિકાલ થાય તેવા પ્રયાસો કરવા અને જરૂર પડ્યે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપનના ૨૪ કલાક કાર્યરત કંન્ટ્રોલ રૂમનો સંપર્ક કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.



# રાજકોટમાં મનમૂકીને વરસતા મેઘરાજા, આજી ડેમ છલકાવવાની તૈયારીમાં

રાજકોટ,તા.૨૭

રાજકોટ શહેરમાં સતત બીજા દિવસે મેઘરાજા વરસી રહ્યા છે. આજે સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. દરમિયાન અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. ગઈકાલે ૨૪ કલાકમાં કુલ ૭ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સાથે સિઝનનો કુલ વરસાદ ૨૪ ઈંચ નોંધાયો છે. સવારથી ધોધમાર વરસાદ વરસતા રાજકોટ શહેરનું વાતાવરણ ઠંડુગાર બની ગયું છે. જન્માષ્ટમીના તહેવારની સાથે લોકો વરસાદની મજા માણી રહ્યા છે. જો કે આ વખતે લોકો લોકમેળાની મજા માણી શકશે નહીં. સતત બે દિવસના વરસાદને કારણે જિલ્લાના ૨૭માંથી ૧૧ જળાશયોમાં ૦.૧૬ થી ૪.૯૨ ફૂટ નવા પાણીની આવક થઈ છે. રાજકોટનું આજીડેમ આજે રાત્રે અથવા વહેલી સવારે ઓવરફ્લો થવાની શક્યતા છે. રાજકોટના જીવદોરી ડેમ સમાન આજી-૧ ડેમની સપાટી ગઈકાલે ૨૧.૭૦ ફૂટ હતી. જે આજે બપોરે ૩ કલાકે વધીને ૨૫ ફૂટ થઈ ગયો છે. આમ એક જ દિવસમાં સપાટીમાં ૩.૩૦ ફૂટનો વધારો થયો છે. ડેમ ૨૯ ફૂટે વહી રહ્યો છે અને આજે મોડી રાત્રે અથવા આવતીકાલે સવારે ઓવરફ્લો થવાની શક્યતા છે. તેમજ આજે બપોરે ૩ વાગ્યે ન્યારી-૧ ડેમની સપાટી ૧.૬૪ ફૂટ વધીને ૧૪.૯૨ ફૂટ થઈ છે.

રાજકોટમાં ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા માટે રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર સતત કાર્યરત છે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીએ વહીવટી તંત્રના સર્વે અધિકારીઓ સાથે વાતચીત કરી સમગ્ર રાજકોટ જિલ્લાની વરસાદની સ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# ફર્લો રજામાંથી ફરાર થયેલ બે આરોપીઓ ઝડપાયા

ગાંધીધામ તા.૨૭

જીલ્લામાં પેરોલ જમ્પ કરેલ તેમજ પોલીસ જાપ્તા માંથી નાસી ગયેલ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા એલસીબી પોલીસ ટીમ આરોપીઓને શોધવા પ્રયત્નશીલ હતી, તે દરમ્યાન બાતમી તથા ટેકનીકલ માધ્યમથી વચગાળા જામીન પરથી તથા ફર્લો રજા માંથી ફરાર થયેલ આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ગઈ તા. ૨૮/૦૧/૨૦૨૩ ના ગાંધીધામ એ ડીવી.પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ગુના કામે અપનાનગર ખાતે આંગડીયા પેઢીનાં કર્મચારી ઉપર ફાયરીંગ કરી રોકડા રૂ.૪૦લાખ ભરેલ બેગની લુંટના ગુનામાં ગળપાદર જેલમાં રહેલ આરોપી વચગાળાના જામીન પરથી ફરાર થઈ ગયેલ આરોપી મનુસિંહ ઉર્ફે મનોજ અજમલસિંહ ઠાકોર (પરમાર) ઉ.વ-૩૫ (રહે.મહેસાણા)ને કોઠાસણા તા. દાંતા જી.બનાસકાંઠા ખાતેથી પકડી પાડી ગળપાદર જેલ હવાલે કરવામાં આવ્યો હતો. જ્યારે વર્ષ-૨૦૨૦ માં કોઠારા પોલીસ સ્ટેશનની હદમાં પોતાની જ પત્નીનુ ખુન કરેલ, જે અંગે કોઠારા પોલીસ મથકે દાખલ થયેલ ગુના કામે રાજકોટ જેલમાં આજીવન કેદની સજા ભોગવતો આરોપી હરજી રામ ગઢવી (રહે.મોટા કરોડીયા તા.અબડાસા) ફર્લો રજા પરથી ફરાર થયેલ જેને આદિપુર ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી રાજકોટ જેલ હવાલે કરાયો હતો.કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સ. એન.એન.ચુડાસમા, સબ ઈન્સ.એમ. વી.જાડેજા તથા એલ.સી.બી.સ્ટાફ દ્વારા કરાઈ હતી.





# મીઠીરોહર સીમમાં ટ્રાન્સફર્મરની કોપર કોયલ ચોરનારા ૪ ઝડપાયા

ગાંધીધામ તા.૨૭

મીઠીરોહર સીમમાં આવેલ કોટેશ્વર ઈન્ડસ્ટ્રીઝના ખુલ્લા પ્લોટમાં લાગેલ ઈલેકટ્રિક ટ્રાંન્સફરમર ૩૨૫ એમપિયર ખોલી તેમાથી ઓઈલ તથા કોયલ ચોરીના ગુનાને ઉકેલી ૬ પૈકી ૪ આરોપી ઓને ગાંધીધામ પોલીસે ઝડપી પાડ્યા હતા. ગાંધીધામ બી ડીવીઝન સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે ગાંધીધામ જી.આઈ.ડી.સી વિસ્તારમાં અવાવરૂ બાવળની ઝાડીમાં છુપાવી રાખેલ ચોરીના મુદામાલ સાથે ચાર આરોપીઓ હાજી ભચુ નાગડા, જુણસ હકીમ પરીટ, મુબારક ભચુ નાગડા, આરીફ ઈબ્રાહીમ પરીટ (રહે. તમામ નાની ચીરઈ તા-ભચાઉ) ને પકડી પાડી તેમની પુછપરછ કરતા કોપરની કોઈલની ચોરી કરેલ હોવાની કબુલાત કરી હતી, આરોપીઓ પાસેથી કોપરની કોયલમાંથી કાઢેલ તાર વજન આશરે ૧૦૦ કિ.ગ્રા. કિ રૂા.૬૫,૦૦૦ તથા ગુનામાં વાપરેલ મો.સા.૨૫,૦૦૦ હસ્તગત કરવામાં આવ્યા હતા, આ ગુનામાં સંડોવાયેલા વધુ બે આરોપીઓ, અઝરૂદિન હીંગોરજા (રહે.વરસાણા તા-અંજાર) તથા તેના મિત્ર ની ધરપકડ કરવાની બાકી છે. આ કામગીરી ગાંધીધામ બી ડીવી.પોલીસ ઈન્સપેક્ટર એસ.વી.ગોજીયા, સબ ઈન્સ.એલ. એન.વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી.




# પોલીસ જાપ્તા વચ્ચે હાથકડી સરકાવી ચાલુ વાહનનો દરવાજો ખોલી નાશી ગયેલ આરોપી ઝડપાયો



ગાંધીધામ તા.૨૭

પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ આરોપીને પીસ્તોલ સાથે આદીપુરમાંથી પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ ગાંધીધામ પોલીસે શોધી ઝડપી પાડ્યો હતો.

એલસીબી પોલીસ ઈન્સપે. એન. એન. ચુડાસમાની આગેવાનીમાં સબ ઈન્સ. એમ. વી. જાડેજા તથા એલ. સી. બી. ટીમ આવા આરોપીઓને શોધવા પ્રયત્નશીલ હતી, તે દરમ્યાન બાતમી તથા ટેકનીકલ માધ્યમથી ગળપાદર જેલમાં રહેલ આરોપી સુખદેવ ઉર્ફે સુખો રામસંગ ગોહિલ (કોલી) ઉ.વ.૨૧ (રહે.રત્નેશ્વર કલ્યાણપરની બાજુમાં તા.રાપર) ગઈ તા.૧૨/૦૭ ના રોજ કેદી પાર્ટીના માણસો ગળપાદર જેલથી રાપર કોર્ટ મુદતે લઈ જઇ રહ્યા હતા તે વખતે ચિત્રોડ રેલ્વે ફાટક પાસે હથકડી હાથમાંથી સરકાવી ચાલુ બોલેરો વાહનનો દરવાજો ખોલી પાછળ આવતી એકટીવા ટુ વ્હીલરમાં બેસી પોલીસ જાપ્તામાંથી નાશી ગયેલો જેના વિરુધ્ધ ગાગોદર પો.સ્ટે.માં ગુનો દાખલ થયેલ, તે આરોપીને આદિપુર ખાતેથી ગેરકાયદેસર હથિયાર દેશી બનાવટની પિસ્તોલ સાથે પકડી પાડી તેના વિરુધ્ધ આર્મ્સ એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે આદિપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો. આરોપી ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે જેની વિરૂદ્ધ રાપર પોલીસ મથકે ૬ જેટલા ગુના નોંધાયેલા છે, આરોપી જાતે પોતાની હાથકડી સેરવી વાહનનો દરવાજો ખોલીને નાશી જાય એ જાપ્તાની પોલીસની બેદરકારી ન કહેવાય ?

આ કામગીરી લોકલ કાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપે. એન. એન.ચુડાસમા સબ ઈન્સપે. એમ.વી.જાડેજા તથા એલ. સી.બી.સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

# માધાપર ઔદિચ્ય બ્રાહ્મણ સમાજના તેજસ્વી છાત્રોનું સરસ્વતી સન્માન



માધાપર તા.૨૭

અહીંના ઔદિચ્ય બ્રાહ્મણ સમાજના ધોરણ ૧ થી કોલેજ કક્ષા સુધીના અભ્યાસ કરતા દરેક તેજસ્વી વિધાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા.

નારાયણ વાડી ખાતે આયોજીત સરસ્વતી સન્માન સમારોહમાં ડેપ્યુટી કલેકટર શ્રી પંડ્યાએ દરેકને અભ્યાસ પુર્ણલગન સાથે કરવા માટે પ્રેરિત કર્યા હતા, સમાજના પ્રમુખ નિખિલ પંડ્યા દ્વારા સારૂં અને ઉચ્ચ શિક્ષણ મેળવી સમાજ અને દેશને વધુ મજબુત બનાવવા પ્રેરક ઉદબોધન કરી પ્રોત્સાહન આપ્યું હતું મંત્રી કિશન આર્યએ કાર્યક્રમનું સંચાલન કરતા છાત્રો સમાજ ગરિમાને નિખારે એવી શુભકામના પાઠવી હતી, જ્યારે પ્રમુખ મહેશ વ્યાસે આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં પરશુરામ મંદિરના સંચાલક પ્રકાશ વ્યાસ,વિનોદ વ્યાસ, નરેન્દ્ર વ્યાસ,અશોક આર્ય, અજીત આર્ય, નરેશ વ્યાસ, હિતેશ વ્યાસ, ભાવેશ વ્યાસ, રાજકુમાર પંડ્યા, ધવલ રાવલ,મનોજ આર્ય, પ્રફુલ્લ દવે,દિપક પંડ્યા, અર્થ વ્યાસ, ઔદિચ્ય બ્રાહ્મણ સમાજ ભુજના પ્રમુખ ભોગીલાલ વ્યાસ, લાલા મારાજ તેમજ શાસ્ત્રી જયદીપ વ્યાસે ઉપસ્થિત રહી આશીષ પાઠવ્યા હતા, રતનબેન હરજી હાલાઈ દ્વારા બ્રાહ્મણ સમાજના દરેકને ભોજન કરાવ્યું હતું. સમાજનાં યુવા સંગઠન, તેમજ ઔદિચ્ય બ્રાહ્મણ સમાજ મહિલા મંડળે સહયોગ પુરો પાડ્યો હતો.

# અંજાર પાલિકા નેતાએ આંગણવાડીના બાળકો સાથે જન્મદિન ઉજવ્યો



અંજાર તા.૨૭

આંગણ વાડીના બાળકો સાથે અહીં નગર પાલિકાના શાસક પક્ષના નેતાએ પોતાનો જન્મદિવસ મનાવ્યો હતો.

શાસક પક્ષના નેતા નિલેશગિરિ ગોસ્વામીએ જન્મ દિવસ નિમિતે માતા પિતાને પગે લાગી જાગેશ્વર મહાદેવને જળાભિષેક કરી લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી, બાદ મહંત ત્રિકમદાસજી મહારાજ પાસે પારો બંધાવી એમને ગુરુ બનાવી આશીર્વાદ લીધા હતા.

આ પ્રસંગે અંજાર નગર પાલિકાના પ્રમુખ વૈભવ કોડરાણી, કારોબારી ચેરમેન પાર્થ સોરઠીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન સોરઠીયા સાથે નગર પાલિકા ગાર્ડન ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.

શહેરની અલગ અલગ સાત આંગણવાડી મધ્યે ઉપસ્થિત તમામ બાળકોને વેફર ચોકલેટ આપીને તેમજ અંજાર નગર પાલિકા સાથે વર્ષોથી સંકળાયેલા વાલ્મિકી સમાજના પરિવારો ના ઘરે તેમજ જીઆઈડીસી સામે સલાટ વાસ સેવા વસ્તીમાં ઉપસ્થિત તમામ બાળકો સાથે અલ્પાહાર કરી જન્મ દિવસની ઉજવણી કરી હતી, વાલ્મિકી સમાજના અગ્રણીઓ દ્વારા તેમનું શાલ વડે સન્માન કરાયું હતું, જ્યારે કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજી વરચંદ, ધારાસભ્ય ત્રિકમ છાંગા, કચ્છ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ભરત શાહ વગેરે આગેવાનોએ શુભેચ્છા પાઠવી હતી.

# કિંગ્સબરી લંડન સ્વામિનારાયણ મંદિરને સેવાકાર્યો માટે ૮૦ લાખનું દાન




## દશાબ્દિ મહોત્સવ દબદબાપૂર્વક ઉજવાયો : કબૂતર ઉડાડી લંડનના માર્ગો ઉપર વિશ્વશાંતિ માટે નગરયાત્રા યોજાઈ

મણીનગર તા.૨૭

સ્વામિનારાયણ મંદિર,કિંગ્સબરી, લંડનનો દશાબ્દિ મહોત્સવ અંતર્ગત સેન્ટ લ્યુકસ હોસપીસ, લંડનને અત્યાર સુધીનું રૂા.૮૦લાખનું દાન લોર્ડ ડોલર પોપટ, પેટ્રોન, નીલ રાડીમા ટ્રસ્ટીઓને સેવાકાર્યો માટે અર્પણ કરાયું હતું. આચાર્ય જ્ઞાનમહોદોધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજની અધ્યક્ષતામાં સ્વામિ નારાયણ ગાદી સંસ્થાનના પંચમ વારસદાર વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજે નિર્માણ કરેલું વિશ્વનું સર્વ પ્રથમ ઈકો ફ્રેન્ડલી સ્વામિનારાયણ મંદિરમાં દુનિયાના દેશોમાં યુદ્ધનો વિરામ થાય,વસુધૈવ કુટુંબકમની સનાતન ભાવનાનો આદર થાય તેવા શાંતિ સંદેશ સાથે પ્રાર્થના કરી, કબૂતર ઉડાડી લંડનના માર્ગો ઉપર વિશ્વશાંતિ નગરયાત્રા યોજાઈ હતી જેમાં મુક્તજીવન સ્વામીબાપા સ્કોટિશ પાઈપ બેન્ડ લંડન તથા બોલ્ટને વિશ્વ શાંતિની ધૂન રેલાવી હતી, આ મહોત્સવ દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો, કેન્સરના દર્દીઓ માટે જરૂર પડતી સ્ટેમ સેલનું રેજિસ્ટ્રેશન કરાયું હતું તેમજ ચાર કરોડ સ્વામિનારાયણ મહામંત્રનું લેખન કાર્ય થયું હતું, આ મહોત્સવમાં પાંચ ખંડોના હરિભક્તોનો સમુહ ઉપસ્થિત રહ્યો હતો. યુ.કે.ના વડાપ્રધાન કેયર સ્ટ્રારમર, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી. ટ્રસ્ટીઓ અશોક પટેલ, લલિત ડબાસીયા, ડો. મહેશ વરસાણી વિગેરે મહાનુભાવો, કાર્યકરો સેવામાં સહભાગી રહ્યા હોવાનું મહંત સદ્ગુરુ ભગવત્પ્રિયદાસજી સ્વામી એ જણાવ્યું હતું.

# માંડવીમાં ઓમાન નિવાસી દાતા દ્વારા જન્મદિન માનવ સેવાથી ઉજવાયો




માંડવી તા.૨૭

અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી દ્વારા દાતાના આર્થિક સહયોગથી સલાયાના ૯૦ ટકા અપંગતા ધરાવતા દિવ્યાંગને ટ્રાયસિકલ અર્પણ કરાઈ હતી.

મસ્કત-ઓમાન નિવાસી રાજુ વેદે પોતાના જન્મદિવસ અહીંની સંસ્થા દ્વારા એક ટ્રાયસિકલ અર્પણ કરીને વિશિષ્ટ રીતે ઉજવ્યો હતો. અંધ, અપંગ, મંદબુદ્ધિ અને બહેરામૂંગા જેવા દિવ્યાંગોના ઉત્કર્ષ માટે માંડવીમાં સેવાકીય કાર્યો કરતી સંસ્થા અંધ અપંગ માનવ કલ્યાણ સોસાયટી દ્વારા ૯૦ ટકા વિકલાંગતા ધરાવતા ભુસર ઈકબાલ ઈસ્માઈલને સંસ્થાના પ્રમુખ શાંતિલાલ ગણાત્રા, ઉપપ્રમુખ અરવિંદ શાહ, મંત્રી દિનેશ શાહ, સહમંત્રી સુલતાન મીર, ખજાનચી પ્રતાપ ચોથાણી, અશ્વિન ગજરાના હસ્તે ટ્રાયસિકલ અર્પણ કરવામાં આવી હતી.

# ગાંધીધામમાં જૈનાચાર્યની નિશ્રામાં માસક્ષમણ સંપન્ન કરી પારણા કરાયા



માંડવી તા.૨૭

ગાંધીધામ જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘના આંગણે સાધુ ભગવંતો અને સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં તાજેતરમાં જૈનાચાર્યશ્રી અનંતયશ સુરીશ્વરજી મ.સા. અનંતજ્ઞાન વિજયજી મ.સા.તથા સાધ્વીજી ચિત્રગુણાજી મ.સા.અને ચારુનયનાજી મ.સા.આદિની પાવન નિશ્રામાં ગાંધીધામમાં વર્ષાબેન વિનોદભાઈ વારૈયા એ માસક્ષમણ (એક મહિનાના ઉપવાસની આરાધના) શરૂ કરેલ હતી. તે નિર્વિઘ્ને સંપન્ન થતાં વર્ષાબેન વારૈયાએ રક્ષાબંધનના દિવસે વિનોદભાઈના હસ્તે પારણું કરેલ હોવાનું માંડવી તપગચ્છ જૈન સંઘના મીડિયા કન્વીનર દિનેશ શાહે જણાવ્યું હતું.'

# મુંબઈ:અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સ્ટીલના પુલનું લોકાર્પણ

## દાદરા અને નગર હવેલીના સેલવાસ નજીક ૧૦૦ મીટર લંબાઈ ધરાવતા પુલનું તા.૨૫/૦૮ના કરાયું લોકાર્પણ



નવીદિલ્હી તા.૨૭

મુંબઈ અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે દાદરા અને નગર હવેલીના સેલવાસ નજીક ૧૦૦ મીટર લંબાઈ ધરાવતા અન્ય સ્ટીલના પુલનું તા.૨૫/૦૮ ના લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૧૪.૬ મીટર ઊંચાઈ અને ૧૪.૩ મીટર પહોળાઈનો આ ૧૪૬૪ મેટ્રિક ટન સ્ટીલનો પુલ તામિલનાડુના ત્રિચીના વર્કશોપમાં બનાવવામાં આવ્યો છે, અને તેને ટ્રેઈલર્સ પર સ્થાપના માટે સ્થળ પર લઈ જવામાં આવ્યો હતો. ૮૪ મીટર સુધી ફેલાયેલું કામચલાઉ પ્રક્ષેપણ નોઝ અને ૬૦૦ મેટ્રિક ટન વજન ધરાવતા નોઝને પ્રક્ષેપણ કરવા માટે મુખ્ય પુલ સાથે જોડવામાં આવ્યું હતું, જેથી કોઈ મધ્યવર્તી ટેકો ન મળે, લોકાર્પણ દરમિયાન પુલને મજબૂત બનાવવા માટે વધારાના અસ્થાયી સાધનો પણ સ્થાપિત કરવામાં આવ્યા હતા.

કુલ ૨૭,૫૦૦ નંગ એચએસએફજી (ઉચ્ચ-બળ ઘર્ષણ પકડ)ના બોલ્ટ્સનો ઉપયોગ પ્રક્ષેપણ નોઝના ઘટકો અને આશરે ૫૫,૨૫૦ નંબરને જોડવા કરવામાં આવ્યા છે. મુખ્ય પુલ માટે સી-૫ પધ્ધતિ કલરકામ અને ઈલાસ્ટોમેરિક બેરિંગ્સ સાથેના ટોર-શિયર ટાઈપ ઉચ્ચ-બળ (ટીટીએચએસ) બોલ્ટ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્ટીલના પુલને લોન્ચિંગ નોઝ સાથે જમીનથી ૧૪.૫ મીટરની ઊંચાઈએ સ્થળ નજીક કામચલાઉ ટ્રેસ્ટલ્સ પર જોડાવામાં આવ્યો હતો અને તેને બે નંબરના સેમી-ઓટોમેટિક જેકની ઓટોમેટિક મિકેનિઝમ સાથે ખેંચવામાં આવ્યો હતો, જે દરેક મેક-એલોય બારનો ઉપયોગ કરીને ૨૫૦ ટનની ક્ષમતા ધરાવે છે. સલામતી અને ઈજનેરી ઉત્કૃષ્ટતાના અત્યંત ધોરણોને જાળવી રાખીને બુલેટ ટ્રેન પ્રોજેક્ટને સાવચેતીપૂર્વક અમલમાં મૂકવામાં આવી રહ્યો છે.

જાપાનની કુશળતાનો ઉપયોગ કરીને ભારત "મેક ઈન ઈન્ડિયા" પહેલ હેઠળ માળખાગત સુવિધાનું નિર્માણ કરવા માટે તેના પોતાના ટેકનિકલ અને ભૌતિક સંસાધનોનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યું છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેનો સ્ટીલનો પુલ આ પ્રયાસનું એક મોટું ઉદાહરણ છે. બુલેટ ટ્રેન કોરિડોર માટે પૂર્ણ થયેલા ૨૮ સ્ટીલના પુલ પૈકીનો આ ચોથો પુલ છે.

## આજે પાવર રેન્જર્સ ડે



**જાણ્યું અજાણ્યું** — ડો.મિહિર એમ.વોરા



૧૯૯૩ માં, પાંચ સામાન્ય કિશોરોએ માઈટી મોર્ફિન પાવર રેન્જર્સની શરૂઆત કરી તેઓએ સાથે મળીને તમામ અવરોધો તોડી નાખ્યા. તેઓએ ટીમવર્ક, સર્વસમાવેશકતા અને તમામ ઉંમરના લોકો માટે વિવિધતા દર્શાવીને દુષ્ટતાને હરાવી. આજે, આ ભવ્ય પરંપરા ચાલુ છે કારણ કે નવી રેન્જર ટીમો અને ચાહકોની નવી પેઢી આ આવશ્યક મૂલ્યોને ફરીથી શોધે છે.ત્યારથી આ દિવસ દર ૨૮ ઓગસ્ટ ના ઉજવાય છે .નેશનલ પાવર રેન્જર્સ ડે પર દરેક વ્યક્તિ પાવર રેન્જર બની શકે છે! વિકિપીડિયા (પાવર રેન્જર્સ) માંથી વ્યાખ્યાઓ આધારિત જાપાનીઝ ટોકુસાત્સુ ફ્રેન્ચાઇઝ સુપર સેન્ટાઇ પર આધારિત લાઈવ-એક્શન સુપરહીરો ટેલિવિઝન શ્રેણીની આસપાસ બનેલ અમેરિકન મનોરંજન અને વેપારી ફ્રેન્ચાઈઝી છે.તમારી રેન્જર કુશળતા અને ક્ષમતાઓ શું છે? શું તમારી પાસે સુપર સ્ટ્રેન્થ અથવા ઉન્નત મેમરી છે? કદાચ તમારી પ્રતિભા હજુ સુધી શોધાઈ નથી.એ બરાબર છે! કે તમે ક્યાં રહો છો અથવા તમે કોણ છો તેનાથી કોઈ ફરક પડતો નથી. શિસ્ત,માઈન્ડફુલનેસ અને હૃદય સાથે, કોઈપણ પાવર રેન્જર બની શકે છે.

પાવર રેન્જર્સના હાર્ડકોર ચાહકો દ્વારા T.V. પરના સૌથી લોકપ્રિય એક્શન શો પૈકીના એક પાવર રેન્જર્સની ઉજવણી કરવા માટે નેશનલ પાવર રેન્જર્સ ડેની રચના કરવામાં આવી હતી. ચાહકો તેમના મનપસંદ પાવર રેન્જર તરીકે પોશાક પહેરીને અને પાવર રેન્જર-થીમ આધારિત પાર્ટીઓ માટે અન્ય ચાહકો સાથે મળીને આ દિવસની ઉજવણી કરે છે પહેરીને અને પાવર રેન્જર-થીમ આધારિત પાર્ટીઓ માટે અન્ય ચાહકો સાથે મળીને આ દિવસની ઉજવણી કરે છે.

માઈટી મોર્ફિન ગ્રીન, માઈટી મોર્ફિન વ્હાઈટ, ઝીઓ રેડ, ટર્બો રેડ, ડિનો થંડર બ્લેક. પાવર રેન્જર્સમાં ટોમી ઘણી વખત દેખાયો કે કેમ તે ચર્ચાસ્પદ છે, પરંતુ જેસન ડેવિડ ફ્રેન્કનું પાત્ર ફ્રેન્ચાઈઝીમાં શ્રેષ્ઠ અને સૌથી મહત્વપૂર્ણ રેન્જર હતું તે વાતને નકારી શકાય નહીં. વસાહતી સમયથી અમેરિકામાં રેન્જર્સ નામના એકમોનો ઉપયોગ કરવામાં આવે છે. તેમને રેન્જર્સ નામ આપવામાં આવ્યું હતું કારણ કે ફ્રેન્ચ કુરિયર્સ ડુ બોઈસનું અંગ્રેજીમાં વુડ્સ રેન્જર્સ તરીકે ભાષાંતર કરવામાં આવ્યું હતું.

અંગ્રેજી વસાહતોમાં આવા પ્રથમ એકમોને વુડ્સ રેન્જર્સ પણ કહેવામાં આવતા હતા પરંતુ પછીથી માત્ર રેન્જર્સ કહે છે.દરેક શ્રેણી એવા યુવાનોની ટીમની આસપાસ ફરે છે જે એક માર્ગદર્શક દ્વારા નામના પાવર રેન્જર્સમાં મોર્ફ કરવા માટે ભરતી કરવામાં આવે છે અને તાલીમ આપવામાં આવે છે, જે સામયિક વિરોધીઓ પર કાબુ મેળવવા માટે ખાસ શક્તિઓ અને ઝોર્ડ્સ નામના પાયલોટ અપાર એસોલ્ટ મશીનોનો ઉપયોગ કરવામાં સક્ષમ હોય છે.

# સાતમના દિવસે ટાઢુ ખાવાની પરંપરા જળવાઈ રહી છે



આણંદપર(યક્ષ)તા.૨૭

બે થી ત્રણ દિવસ અગાઉ ટાઢું ખાવાની સાતમની આગોતરી તૈયારી રૂપે ખારી મીઠી પૂરી, નમકીન,મીઠા સકરપાળા, ચકરી જેવા ફરસાણ તેમજ લાડવા,મોહનથાળ અને ગોળ પાપડી જેવા વ્યંજન બનાવવાની તૈયારીમાં મહિલાઓ વ્યસ્ત થઈ જાય છે. જેમાં પરિવાર તેમજ આડોશ પાડોશની મહિલાઓ પણ મદદરૂપ થાય છે, અને આ બનાવેલ વ્યંજન સાતમ પછીના એકાદ પખવાડિયા સુધી ચાલતા હોય છે. આ અંગે નાના અંગિયાના આસ્થાબેન, પ્રેમલબેન, મંજુલાબેન તેમજ રૂક્ષ્મણીબેને જણાવ્યું હતું કે, સાથે મળીને સાતમ તહેવાર માટે બનાવવામાં આવતા વ્યંજનોની મજા જ કંઈ ઓર હોય છે, ઉત્સવપ્રિય કચ્છીઓ દરેક તહેવાર મન ભરીને માણે છે સાથે સાથે ખાસ વ્યંજનો બનાવીને પરિવાર માટે અવનવી સૂકી વાનગીઓ બનાવીને પરિવારને પ્રેમથી જમાડે પણ છે. પારૂમાએ જણાવ્યું હતું કે, વડીલોના સમયથી વરસોથી ચાલી આવતી પરંપરા હજુ પણ ગામડાઓમાં જળવાઈ રહી છે, પ્રત્યેક ઘરોમાં સાતમના આગલી રાતે એક દિવસ અગ્નિદેવ (ચૂલા)ને આરામ આપી, સાતમના ટાઢું ખાવાનું હોવાથી આ વાનગીઓ બનાવવાનું મહત્વ રહેલું છે, જે પ્રથા આજે પણ અમુક ગામડાઓમાં જોવા મળી રહી છે,પહેલાં બધી વસ્તુઓ મહિલાઓ જાતેજ ઘરે બનાવતા, આજે અમુક વસ્તુઓ બજારમાંથી ખરીદી લેવામાં આવે છે.

# પૂર્વ કચ્છ પોલીસે વિકલાંગો સાથે માનવીય અભિગમ સાથે ધાર્મિક ત્યોહારો ઉજવ્યા



રાપર તા.૨૭

રાપરમાં ગ્રામ્ય સેવા સંગઠન સંચાલિત મંદબુદ્ધિ વિકલાંગ આશ્રમમાં પોલીસ તંત્ર દ્વારા તાજેતરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી પણ રાપર પોલીસ દ્વારા અહીં કરવામાં આવી હતી, મંદબુદ્ધિજનોને મહિલા કર્મચારીઓએ રાખડી બાંધી હતી, પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓએ મંદબુદ્ધિજન મહિલા અને યુવતીઓ પાસે રાખડી બંધાવી હતી. બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા, પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર તથા રાપર પોલીસ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે નવા કપડાં અને ચંપલનુ વિતરણ કરાયું હતું, આશ્રમના શૈલેષ કોઠારીએ કૃષ્ણ જન્મોત્સવના દિવસે જે પોલીસ દ્વારા કપડાં અને ચંપલ આપ વામાં આવ્યા તે ખરા અર્થમાં જન્માષ્ટમીની ઉજવણી કહેવાય એવી લાગણી વ્યક્ત કરી હતી, આ વિતરણ સમયે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર, પીઆઈ જે.બી. બુબડીયા, પીએસઆઈ પી.એલ.ફણેજા, ડી.આર ગઢવી, આગેવાનો રામદેવસિંહ જાડેજા, ભાવુભા સોઢા, મહેશ પટેલ, મુકેશ ચાવડા, નરેશ ઠાકોર, મુકેશસિંહ રાઠોડ, જેસલ ડાભી, પ્રકાશ ચૌધરી, વણવીર ચૌધરી, દિનેશ ચૌધરી, મયુરસિંહ સરવૈયા, મનહર ચૌધરી, વિજય બારડ, કિરણ બારોટ, ઉર્વશી સોલંકી, રંજનબેન મુળિયાણા, વરસાબેન પરમાર, ભાવેશ પરમાર, રવજી સોલંકી, કિશન સોલંકી સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા,આ સમયે મંદબુદ્ધિજનો સાચા અર્થમાં ખુશ ખુશાલ જોવા મળ્યા હતા, ત્યારે પોલીસ અધિકારીઓ અને કર્મીઓની આંખોમાં એક માનવીય સંવેદના જોવા મળી હતી.

# ભુજની મહિલાએ ૧૭ દિવસ ઉપવાસની કઠીન સાધન કરી

## રાંધેલું ભોજન છોડી ફ્રૂટ અને કંદમૂળ નો ત્યાગ કરી, શ્રાવણ માસની બીજની સ્થાપના કરી ત્રીજથી ગોર ખોડા વ્રતનું પ્રારંભ કર્યો. ધાર્મીક પરંપરા ઉજાગર કરવા સાથે ડાયાબિટીસ થાઈરોઈડ જેવી બીમારી ને જાકારો આપ્યો



ભુજ તા.૨૭

બે ઋતુ ના સંક્રાંતિ કાળ દરમ્યાન ઉપવાસ વ્રત રાખવા માં આવે છે શ્રાવણ માસ માં વર્ષા ઋતુ પૂરી થાય છે એ દરમિયાન સામાન્ય રીતે જઠરાગ્નિ મંદ હોય છે ત્યારે દરેક ધર્મમાં ઉપવાસની વાત કરવામાં આવી છે, મહેશપંથ સંપ્રદાયમાં પણ બહેનો ગોર ખૂડો વ્રત રાખે છે પરંતુ સુર્યો દય પહેલા અને સૂર્યાસ્ત પછી ભોજન લઈ સકે છે. પરંતુ શિવ રચિત વિજ્ઞાન ભૈરવ તંત્રમાં ઉલ્લેખ છે કે પાર્વતીને પોતાના આંતરિક શિવત્વને પામવા ઉગ્ર ઉપવાસ કરેલા છે, જેમાં પહેલા રાંધેલું ભોજનનું ત્યાગ કરી ફળ ફ્રૂટ પર જીવન વ્યતીત કર્યો પછી કંદમૂળ અને ફ્રૂટ ને ત્યાગ કરી પાંદડા નું ભોજન ગ્રહણ કર્યું છેવટે પર્ણનો ત્યાગ કરી અપર્ણા બન્યા આજ વિધિથી ભુજના રહેવાસી અને હાથીસ્થાન કન્યા શાળાના મુખ્ય શિક્ષિકા લક્ષ્મીબેન બાબુલાલ કન્નડ એ એક અનોખો નિર્ણય લઈ પ્રથમ તેમણે રાંધેલું ભોજન છોડ્યું પછી ફ્રૂટ અને કંદમૂળ નો ત્યાગ કરી, શ્રાવણ માસની બીજની સ્થાપના કરી ત્રીજથી ગોર ખોડા વ્રતનું પ્રારંભ કર્યું આડ ખોડો વ્રતના દિવસે ૪૮ કલાક સુધી નિર્જળા કર્યા પરંતુ વ્રતના અન્ય દિવસો દરમિયાન ૨૪ કલાકમાં એક વખત સાંજે ૭:૩૦ વાગે માત્ર ૩૦૦ મિલી પાંદડા નું રસપી ૧૭ દિવસ સુધી પાંદડાનાનું ભોજન કરી ઉગ્ર તપ આરંભ કર્યો. એમાં પણ ધણીમાતંગ દેવ સૂચવેલ મરૂવાના પાન, તુલસી, બેલ પત્ર, દુવા, પત્રી, અને પાલકના પાંદડા નો ઉપયોગ કરાયો હતો, જેથી ૮ દિવસમાં ડાયાબિટીસ થાઈરોઈડ જેવી બીમારીને જાકારો આપ્યો શરીરની સ્થૂળતા પણ જતી રહી વ્રત પહેલા વજન ૭૯ હતું જે હાલ ૬૫ કિલો થઈ ગયું.

ફેટી લીવરની સમસ્યા હતીએ પણ ઠીક થઈ ગઈ. લક્ષ્મી કન્નડ પોતાના હદય ના ધબકારા તો અનુભવી સકે છે પરંતુ નસમાં વહેતા લોહીની ગતિ અને લય ને પણ અનુભવી સકે છે.આ વૃત્યારી બહેનને માર્ગદર્શન જાણીતા યોગ નિષ્ણાંત નીખીલ મહેશ્વરી એ આપ્યું હતું.

# કલ્યાણેશ્વર મહાદેવ મંદિરે સંતવાણીનો કાર્યક્રમ યોજાયો



નખત્રાણા, તા.૨૭

નખત્રાણા તાલુકાના કલ્યાણપર ગામે અહીં આવેલ પ્રાચીન કલ્યાણેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણના સોમવાર નિમિત્તે સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કૃષ્ણકાંત પંડ્યા,નાનજી દેવશી ગરવા,નંદુ જબુઆણી,હિરેન આચાર્ય દ્વારા સંતવાણી રજૂ કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સંતવાણી પ્રસંગે કલાકારોનું સન્માન કિશોર રંગાણી,સુરેશ વેલાણી,માવજી પોકાર,જગદીશ વેલાણી,નરેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. વ્યવસ્થા અંકિત વેલાણી,નવીન ગોસ્વામી,મનોજ ભાવાણી,બાબુલાલ ગોરાણી,ધવલ રાવલ દ્વારા કરવામાં આવ્યુ હતુ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચંપક રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.એમ મંગવાણાના હિરેન આચાર્ય એ જણાવ્યું હતું.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# વરસાદની કચ્છીઓને હેપ્પી આઠમ... હવે મોટી આફતની ચિંતા


માંડવી


રાપર


નલિયા


અબડાસા


ભુજ


નારાયણ સરોવર


નખત્રાણા


અંજાર

**સમગ્ર રાજ્યમાં પડી રહેલા ભારે વરસાદની અસર કચ્છમાં પણ જોવા મળી રહી છે. કચ્છમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા વરસાદને કારણે મોટી તારાજી સર્જાઇ નથી પરંતુ હવે થોડો વધુ વરસાદ અનેક વિસ્તારોમાં મુશ્કેલી લઈને ચોક્કસ આવશે રવિવારે રાત્રીથી ધીમીધારે શરૂ થયેલા વરસાદે સોમવારે મુન્દ્રા,નખત્રાણા સહિત કચ્છના તમામ તાલુકામાં હાજરી પુરાવી હતી. ખાસ કરીને માંડવી-નખત્રાણામા પડેલા વરસાદને કારણે ક્યાક મુશ્કેલીના દ્રશ્યો પણ સામે આવ્યા હતા પરંતુ એકંદરે પડેલા વરસાદની તમામે મજા માણી હતી. જો કે અનેક સ્થળોએ વાહનો ફસાઇ જવા,રસ્તા બંધ થઈ જવા,પશુઓ તણાઈ જવાની ઘટના બની હતી. તો ભારે વરસાદને કારણે સ્થાનીક કોઝવેમા પાણી આવતા અનેક માર્ગો બંધ થઈ ગયા હતા સારા વરસાદને કારણે અનેક ડેમો તળાવો છલકાઈ ગયા હતા તો ભુજના હમિરસર કાંઠે યોજાયેલો મેળો પણ વિખેરાઈ ગયો હતો જો કે હવે ભુજનાન હમિરસર છલકાવાની ખુશીની રાહ ભુજ વાસીઓ જોઈ રહ્યા છે. આ તરફ અબડાસા,મુન્દ્રા સહિતના સમગ્ર કચ્છમા પડેલા સારા વરસાદથી અનેક વિસ્તારો પાણી-પાણી થઈ ગયા હતા રાજ્ય સરકારથી લઈ સ્થાનીક તંત્ર દ્રારા આપતકાલીન બેઠકો બોલાવી તમામ સ્થિતીને પહોંચી વળવા માટે સજ્જતા દર્શાવાઈ હતી. તો શાળાઓમાં રજા જાહેર કરી દેવાઈ હતી તો ટ્રેન સેવા પણ પ્રભાવીત થઈ હતી બીજી તરફ કચ્છને જોડતા મોરબીમાં મચ્છુ ડેમ છલાકાતા ભુજને સૌરાષ્ટ્ર સાથે જોડતા માર્ગને બંધ કરી દેવામાં આવ્યો હતો.**

**માંડવી-નખત્રાણામાં ભુક્કા બોલાવ્યા...:** કચ્છમા સોમવારે અને મંગળવારે બે દિવસ પડેલા વરસાદમાં સૌથી વધુ વરસાદ માંડવી-નખત્રાણામા પડ્યો હતો. સોમવારે નખત્રાણામા ૯ ઇંચ જ્યારે રવિવારે બે ઇંચ વરસાદ પડ્યો હતો તો માંડવીમાં પણ ૮ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. મંગળવારે પણ માંડવીમાં દોઢ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો તો ભુજ મુન્દ્રામા બે દિવસમાં છ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો અબડાસા પાંચ ઇંચ,ગાંધીધામ અઢી ઇંચ,લખપત સાડા પાંચ ઇંચ,રાપર ત્રણ ઇંચ,ભચાઉ સાડા ત્રણ ઇંચ,અંજાર ત્રણ ઇંચ વરસાદ પડ્યો હતો આમ સમગ્ર કચ્છમા સાર્વત્રીક ૩ ઇંચથી ૧૦ ઇંચ કરતા વધુ વરસાદ પડ્યો હતો જેને કારણે કચ્છના ડેમો,તળાવો છલકાઇ ગયા હતા કુદરતી સૌદર્ય સાથે કચ્છમાં સારો વરસાદ પડતા ખેડુતો અને લોકમાં ખુશી ફેલાઇ હતી અને લોકોએ પાણીના વધામણા કર્યા હતા.

**મુન્દ્રા :** બે દિવસ થી મેઘરાજા એ સટાસ્ટી બોલાવી હતી.કચ્છ માં ભારે વરસાદની આગાહી વચ્ચે મુન્દ્રા માં છેલ્લા બે દિવસ માં ૬ ઇંચ વરસાદ પડ્યો હતો મંગળવારે બપોરે ૩ વાગ્યે મેઘરાજા એ ધમાકેદાર એન્ટ્રી કરી હતી અને પોણી કલાક સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો સાત વાગ્યાં થી મેઘરાજા ની એન્ટ્રી શરૂ થઇ હતી અને આજે સ્કૂલો અને કોલેજોમાં રજા હોવાથી છાત્રો એ વરસાદ માં મજા માણી હતી.જન્મષ્ટમી ના પાવન અવસરે સવારે સાત વાગ્યાથી મેઘરાજા ની એન્ટ્રી થઈ હતી અને વરસાદ ના આગમન થી બારોઇ નજીક આઠમના મેળા ને અસર થઈ હતી મુન્દ્રામાં જન્માષ્ટમી ના આખો દિવસ વરસાદ ચાલુ રહ્યો હતો તો મંગળવારે સવારથી વરસાદનું આગમન હતું અને બપોરે ભારે વરસાદની આગાહી વચ્ચે ઘટાટોપ વાદળો ની વચ્ચે મેઘરાજા તૂટી પડ્યા હતા. અને પોણી કલાક સુધી મેઘરાજા એ તોફાની ઇનીંગ રમી હતી જેને કારણે ઓસવાલ શેરી નજીક કન્યા શાળા, નવલખા બંગલા થી સ્થાનક શેરી, જવાહર ચોક, જૂની ટેલિફોન કચેરી તેમજ શહેર ની આજુબાજુ ની વિવિધ સોસાયટી વિસ્તારોમાં પુષ્કળ પાણી ભરાયા હતા.ભારે વરસાદ ની આગાહી વચ્ચે મુન્દ્રાની ભૂખી નદીમાં ખુલ્લા ઝૂપડામાં રહેતા ૭૦થી ૮૦લોકો ને અગનેશ્વર મહાદેવ મન્દિર ની બાજુ માં આવેલ બગીચામાં આશરો સ્થાનિક પ્રસાશન એ આપ્યો હતો. તો મુન્દ્રાના ડેમોમા નવા પાણીની આવક થઇ હતી.

**માંડવી :** બંદરીય માંડવી શહેર મધ્યે અતિ ભારે વરસાદના લીધે જ્યારે જળબંબાકાર જેવી પરીસ્થિતિ સર્જાઈ હતી જો કે બાદમાં માંડવી નગર પાલિકાની ટીમ સાથે વોર્ડ નંબર ૪ ના ભુકંપ નગરી, મસ્કા ઓક્ટ્રોય, જત નગર વગેરે જેવા નિચાણ વાળા વિસ્તારોની મુલાકાત લઈ અસરગ્રસ્ત લોકોને સુરક્ષીત સ્થળો પર સ્થળાંતર કરાવીને તેમના ફુડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી હતી પરંતુ માંડવીના ગઢશીસા, રતડીયા સહિતના અનેક વિસ્તારો મા ભારે વરસાદથી ભારે તારાજી સર્જાઇ હતી. ભારે વરસાદની આગાહી ના સમય માં કોઈપણ સમસ્યા અથવા જરૂરી મદદ માટે ટીમ માંડવી નગર પાલિકા ને સંપર્ક કરવા વિનંતી કરાઇ હતી કારોબારી ચેરમેન સહિતની ટીમ કાર્યવાહીમા જોડાઇ હતી જો કે માંડવીના અનેક નિચાણવાડા વિસ્તારોમાં પાણી ભરાયા હતા સાથે સ્થાનીક નદી તથા ડેમમાં પાણી આવતા નિચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા છે.

**દયાપર :** લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર સહિત તાલુકામાં છેલ્લા ત્રણ દિવસથી ધીમીધારે વરસાદ પડતા ગ્રામ્ય વિસ્તારોના તળાવમાં વધુ નીરની આવક થતા લોકોના ચહેરા પર ખુશી ફેલાઇ છે. તો બીજી તરફ ખેડૂતોના પાકને પણ નવજીવન મળ્યું હોવાનું ધરતી પુત્રોએ જણાવ્યું હતું હવામાન ખાતાની ભારે વરસાદની આગાહી વચ્ચે છેલ્લા ત્રણ દિવસથી વરસી રહેલા ધીમીધારે વરસાદ છે ક્યાંય પણ નુકસાની થઈ નથી દયાપર, ઘડુલી, વિરાણીનાની, દોલતપર, માતાનામઢ, નરા,મેઘપર,સિયોત, ધારેશી, વર્માનગર, પાનધ્રો, કપૂરરાશી, કોરિયાણી,છેર બરંદા, ઝાડવા, ભાડરા,આશાપર,કોટડા મઢ સહિતના ગામોમાં છેલ્લા બે ત્રણ દિવસથી સચરાચર વરસાદ થયો હોવાનું માલધારીઓ તેમજ ધરતી પુત્રોએ જણાવ્યું હતુ લખપતના પ્રસિધ્ધ નારાયણ સરોવર તળાવની સાથે અન્ય જીવાદોરી સમાન ડેમમાં નવા પાણીની આવક થઇ હતી.

## કચ્છના ડેમો છલ્લો છલ...



કચ્છમા બે દિવસથી પડી રહેલા વરસાદની કારણે મુશ્કેલી સાથે કચ્છમાં ખેડુતો માટે સારા સમાચાર પણ લાવ્યુ છે કચ્છના જીવાદોરી સમાન અનેક ડેમો સારા વરસાદ બાદ છલકાઇ ગયા હતા. કચ્છમા વરસાદ બાદ મધ્યમ કક્ષાના ૯ ડેમો ઓવરફ્લો થયા હતા. જેમાં નિરોણા, કંનકાવતી, મિઢ્ઢી, બેરાચીયા, ડૉણ, જંગડીયા, કારાધોધા અને ગજણસર સહિતના ડેમો ઓવરફ્લો થયા હતા આ ઉપરાંત અનેક ડેમો ફરી વાર છલકાયા હતા.જેને પગલે ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી તો બીજી તરફ મુન્દ્રામા સારા વરસાદ બાદ મુન્દ્રા ના વાંકી -પત્રી ગામ નજીક આવેલ ખેંગાર સાગર ડેમ ઓગની ગયો હતો વાંકીના કિશોર ગોયલ એ માહિતી આપતા જણાવ્યું હતું કે મંગળવારે ડેમ છલકાઇ ગયો હતો ખેંગાર સાગર ડેમ નજીક આવતી વાંકી ગામની નદી પણ બે કાંઠે વહી નીકળી હતી.તો આ તરફ નાની સિંચાઈના ૭૯ ડેમો ઓવરફ્લો થઇ ગયા હતા તો નાની સિંચાઉ યોજનાના ૫૭ ડેમો ઓવરફ્લો થવાની તૈયારીમાં છે જેમાંથી મંગળવારે પણ ડેમો છલકાયા હતા વિજય સાગર, ભારાપર, મંજલ, વાયોર, નાના અંગીયા, ભુખી ડેમ સહિતના ડેમો ઓવરફ્લો થયા હતા ડેમ ઓવરફ્લો થતા નીચાણવાળા વિસ્તારને એલર્ટ કર્યા.

## અબડાસાના અનેક ગામો બન્યા સંપર્ક વિહોણા

કચ્છના લખપત,નખત્રાણા,અબડાસામાં પડેલા સારા વરસાદને કારણે ખાસ કરીને અબડાસામા ભારે મુશ્કેલી સર્જાઇ હતી. અબડાસામાં ગઇકાલથી પડી રહેલા વરસાદને કારણે અનેક ગામોમા પાણી વહી નિકળ્યા હતા તો મંગળવારે અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા ગઇકાલે ડુમરા માર્ગ ,ખીરસરા વિંઝાણ,આસપાસ ભારે વરસાદ બાદ ગામમાં પાણી ધુસ્યા હતા રસ્તો બંધ થયો હતો ત્યારે આજે અબડાસા તાલુકાનુ મિયાણી ગામ સંપર્ક વિહોણું બન્યુ હતુ હાજાપર થી મિયાણી જવા માટે માત્ર એકજ રસ્તો હોવાથી પાપડી ટુટી પડતા મિયાણી ગામ સંપર્ક વિહોણું બન્યુ હતુ તો અબડાસા તાલુકાના તેરા-નેત્રા વચ્ચે રસ્તો બંધ થતા લાખણીયા સહીત ગામોમાં જવાનો રસ્તો થયો બંધ થઇ ગયો હતો જેને કારણે દૂધ સહિતની આવશ્યક વસ્તુઓ પહોચાડવા માટે મુશ્કેલી સર્જાઇ આ રસ્તો બંધ થતા અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા છે.જેમા લાખણીયા, કુવા પધ્ધર, ઉસ્તીયા, નાગિયા, બાંડિયા, નેત્રાનો સમાવેશ થયા છે.અબડાસા તાલુકાના બારા ગામ આ વરસાદ ની સીજાન મા ત્રીજી વખત સંપર્ક વિહોણા બન્યું હતુ તો મોથાળા નજીકના મુખ્ય રસ્તે નદી બે કાંઠે આવતા અવરજવર પર અસર થઇ હતી. થોડા વરસાદમાજ આ ગામ સંપર્ક વિહોણા બની જાય છે. ઉપરોક્ત ગામો પૈકી કેટલાક ગામો તો સિઝનમાં અનેકવાર સંપર્ક વિહોણા બન્યા છે. ત્યારે તેના કાયમી ઉકેલ માટેની માંગ ઉઠી છે.



## ભારે વરસાદ બાદ માળિયા હાઈવે બંધ કરાયો

**કચ્છથી અમદાવાદ તરફ જવા કે અમદાવાદ થી કચ્છ તરફ આવવા માટે રાધનપુર પાલનપુર હાઈવે નો ઉપયોગ કરવા માટે અનુરોધ કરવા સાથે મચ્છુ ડેમના દરવાજા ખોલાતા કચ્છ મોરબી તંત્ર સતર્ક પુર્વ કચ્છ પોલીસે વરસતા વરસાદે લોકોને સચેત કર્યા**

કચ્છ-સૌરાષ્ટ્રમાં બે દિવસથી પડી રહેલા વરસાદ બાદ હજુ પણ ભારેની આગાહી કરાઇ છે. અને અને અનેક ડેમો છલકાયા છે ત્યારે સતત વરસાદ અને મચ્છુ ડેમના દરવાજા ખોલાયા બાદ માળીયા હાઈવે પર પાણી ફરી વળતા ઓવરફ્લો પાણી સામખીયાળી અમદાવાદ હાઈવે રોડ ઉપર, હરીપર ખીરઈ તા-માળીયા મીયાણા રોડ ઉપર પાણી રોડ પર ફળી વળ્યુ હતુ જેથી સ્થિતીની સમિક્ષા કર્યા બાદ માળીયા હાઈવે રોડ મંગળવારે ૩૬ કલાક સુધી ડાયવર્ટ કરવામાં આવ્યો હતો જોખમી રીતે લોકો ત્યાથી પસાર ન થાય તે માટે પોલીસ દ્રારા વરસતા વરસાદે લોકોને સતર્ક કરાયા હતા સાથે બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો સાથે લોકોને અપિલ કરાઇ હતી. કે કચ્છ જિલ્લામાંથી અમદાવાદ તરફ જતા તમામ વાહનના ચાલકોને સામખીયારી ચામુંડા હોટલ પરથી ડાયવર્ઝન આપી રાઘનપુર પાલનપુર રોડનો ઉપયોગ કરવા જણાવાયુ હતુ. કચ્છને સૌરાષ્ટ્ર સાથે જોડતા માર્ગને બંધ કરી દેવાતા અનેક લોકો મુશ્કેલીમા મુકાયા હતા. જો કે વધુ જોખમ ન સર્જાય તે માટે તંત્રએ નિર્ણય કરી તમામ લોકોને સુરક્ષીત મુસાફરી માટેનો રૂટ સુચવ્યો હતો.



## બીજે દિવસે પણ કચ્છની શાળાઓ બંધ

અતિ ભારે વરસાદ અન્વયે શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય રાજ્યની સાથે કચ્છમાં પણ કરવામાં આવ્યો હતો જે રીતે ગુજરાતમાં બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે અને હજુ આગાહી છે ત્યારે સોમવારે કચ્છની શાળાઓ માટે રજા જાહેર કર્યા બાદ બુધવારે પણ કચ્છની શાળાઓમાં રજા જાહેર કરવામા આવી હતી. કચ્છની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી મંગળવારે ભારે વરસાદના એલર્ટને કારણે કોલેજો પણ બંધ રખાઇ હતી ત્યારે ફરી ભારે વરસાદ બાદ સ્થાનીક કલેકટરને રજા જાહેર કરવા અંગેની સત્તાઓ અપાયા બાદ કચ્છના શિક્ષણ વિભાગે ગાંધીનગર ની સુચના અનુસાર અતિભારે વરસાદ તથા હવામાન વિભાગની રેડ એલર્ટની આગાહીને કારણે સાવચેતીના ભાગરૂપે બુદવારે જિલ્લાની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવા આદેશ આપ્યા હતા સાથે શિક્ષણ વિભાગમા ફરજ બજાવતા લોકોને એલર્ટની સ્થિતીમાં મદદ માટે તૈયાર રહેવા પણ જણાવાયુ હતુ.

# જોખમી મુસાફરી ભારે પડી બે યુવાનો કાર સાથે તણાયા

કચ્છમાં પડી રહેલા ભારે વરસાદે મુશ્કેલી પણ સર્જી હતી.કચ્છના અનેક રસ્તાઓ પર પાણી વહી નિકળ્યા હતા અને સ્થાનીક નદીઓ કોઝવે પર પાણી ફરી વળ્યા હતા તે વચ્ચે કચ્છમા વરસાદમા બે યુવાનો તણાયા હતા. સોમવારે સાંજે કચ્છ ક્ષત્રીય સમાજના અગ્રણી જોરૂભા રાઠોડ નો પુત્ર ભૂપેન્દ્રસિંહ રાઠોડ ફરાદી રામણીયા પુલ ઉપર થી પાણીના પ્રવાહમા થાર ગાડી સાથે તણાઈ ગયો હતો કારમાં સવાર અન્ય એક વ્યક્તિ સુરક્ષીત રીતે બહાર આવ્યો હતો જેને લોકો તથા પોલીસની ટીમે મદદ કરી બચોવ્યો હતો પરંતુ ક્ષત્રિય આગેવાનનો મંગળવારે પણ કોઇ પત્તો લાગ્યો ન હતો સ્થાનીક તંત્ર સાથે એનડીઆરએફની મદદ લઇ યુવાનની શોધખોળ કરાઇ હતી પરંતુ તે મળ્યો ન હતો ધટનાની જાણ થતા ક્ષત્રીય સમાજના આગેવાનો અને પરિવારજનો દોડી ગયા હતા. પરિવારે શોધ કરનાર વ્યક્તિને એક લાખ ઇનામની જાહેરાત પણ કરી હતી. આસપાસ નદીના પ્રવાહ જ્યાથી પસાર થાય છે તે ગામમાં વ્યાપક શોધખોળ શરૂ કરાઇ હતી. પરંતુ આ લખાય છે ત્યા સુધી તેની કોઇ ભાળ મળી નથી. તો બીજી તરફ તંત્રની તાકીદ અને અપિલ છંતા જોખમી રીતે પાણીના પ્રવાહ વચ્ચે કાર કાઢવાનુ અન્ય એક યુવકને પણ ભારે પડ્યુ હતુ ભુજના ચંદ્રુઆ ડુંગર વિસ્તારમાં મંગળવારે કાર તણાઈ હતી કોઝવે પસાર કરતી વખતે વહેતા પાણીમાં એક કાર તણાઈ હતી જેમાં કારમાં સવાર એક યુવકનું મોત થયુ હતુ જો કે કારમાં ચાર લોકો સવાર હતા પરંતુ સ્થાનીક લોકોની મદદથી અન્ય ત્રણ યુવાન કાર માંથી બહાર નીકળી જતા થયો બચાવ થયો હતો કાર સાથે લાપતા થયેલ યુવાનની લાશ કારમાં ફસાયેલી મળી આવી હતી તે પહેલા જીલ્લા તંત્ર પાસેથી મદદ મંગાઇ હતી પરંતુ તે મળે તે પહેલાજ યુવક કાર સાથે મળી આવ્યો હતો. બનાવની જાણ થતા સ્થળ પર પહોંચેલી પધ્ધર પોલીસ અને સ્થાનિક લોકોએ લાશને બાર કાઢી હતી યુવાનો લાંખોદ વિસ્તારના હોવાનુ સામે આવ્યુ હતુ. બનાવ સંદ્રભે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જો કે એક યુવાનનુ મોત જ્યારે એક અગ્રણી કાર સાથે ગુમ થતા આ કિસ્સાએ ભારે ચકચાર સાથે ગમગીની ફેલાવી હતી ભારે પાણીના પ્રવાહમા જોખમ ખેડી વાહનો પસાર કરતા લોકો માટે આ બે કિસ્સા લાલબત્તી સમાન છે.

સોમવારે સાંજે ફરાદી બિદડા નદી પાસે ભૂપેન્દ્રસિંહ જોરાવરસિંહજી રાઠોડ નદીના પ્રવાહમા તણાઈ ગયા બાદ તેની શોધખોળ યથાવત છે જેને શોધી આપવા અથવા માહિતી આપવા માટે પરિવાર તરફથી એક લાખ રુપિયાનુ રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત કરાઇ હતી સ્થાનીક તંત્ર તથા એનડીઆરએફ એ ફરાદી નદી થી સૂખપર ટીંબો,નાની ખાખર,મોટી ખાખર,કાંડાગરા,ટુંડા,વાંઢ આ નદી ના રૂટમા શોધખોળ કરી હતી પરંતુ તે મૃત્દેહ મળ્યો ન હતો બીજી તરફ ચંદ્રુઆ ડુંગર પર યુવાન લાપતા બન્યા બાદ સ્થાનીક તથા પોલીસે શોધખોળ કરી કાર સાથે યુવકને શોધ્યો હતો સદનશીબે કારમાં સવારે અન્ય લોકોનો બચાવ થયો હતો



## ભારે વરસાદ માટે કચ્છનુ વહીવટી તંત્ર સજ્જ

**ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા કલેકટર અમિત અરોરાએ તાકીદની બેઠક બોલાવી હતી નીચાણવાળા વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોને સાવચેત કરાયા રસ્તા પર પાપડી તેમજ કોઝવે પરથી જોખમી રીતે પસાર ન થવા નાગરિકોને અપીલ કરાઈ**

ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા કલેકટર અમિત અરોરાએ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની બેઠક બોલાવી સમગ્ર કચ્છ જિલ્લાની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરાંત તમામ તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ તલાટી મંત્રીઓ મારફત નીચાણવાળા વિસ્તારોમાં વસવાટ કરતા નાગરિકોને સાવચેત કરવામાં આવ્યા હોવાની વિગતો અંગે વાકેફ થયા હતા. નાગરિકો જોખમી રીતે પાપડી તેમજ કોઝવે પરથી પસાર ન થાય તે અંગે ખાસ સાવચેતી રાખવા અધિકારીશ્રીઓને જરૂરી તાકીદ કરી હતી. આ ઉપરાંત વીડિયો કોંફરન્સના માધ્યમથી રાજ્યના મુખ્ય સચિવ રાજકુમારે મોડી રાત્રે કચ્છ જિલ્લાની પરિસ્થિતિ અંગે કલેકટર અમિત અરોરા સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્થાનિક વહીવટી તંત્રને સ્થળાંતર જરૂરિયાત જણાય તો સત્વરે કામગીરી કરવા જરૂરી સૂચનો આપવામાં આવ્યા છે. ભારે વરસાદની આગાહી પગલે કોઈ પણ નાગરિકો ને તકલીફ પડે તો તાલુકા તથા જિલ્લા કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા અને ભારે વરસાદની આગાહી પગલે જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ રહેવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જિલ્લા કલેકટર અમિત અરોરાના અધ્યક્ષ સ્થાને યોજાયેલી તાકીદની આ બેઠકમાં તમામ ઉચ્ચ અધિકારીઓએ ભાગ લીધો હતો સ્થાનીકે કન્ટ્રોલ રૂમ સાથે જીલ્લા કન્ટ્રોલરૂમ મારફતે જીલ્લાની પરિસ્થિતી પર નજર રાખી તંત્ર તમામ તૈયારી માટે સજ્જ બન્યુ છે.



## ઠેરઠેર પશુઓ તણાયા





કચ્છમા વરસાદે મનુષ્યો સાથે પશુઓ માટે પણ મુશ્કેલી સર્જી હતી. માંડવી વિસ્તારમાં પડેલા ભારે વરસાદને કારણે માંડવી ના મોટા રતાડીયામાં પાણીમા ભેંસો તણાઇ હતી સ્થાનીક પાણીના પ્રવાહમાં ૭-૮ ભેંસો તણાઇ ગઇ હતી જેને બચાવવા માટે પ્રયત્નો કરાયા હતા બીજી તરફ કચ્છ ના પ્રવેશદ્વાર એવા સૂરજબારી હરીપર પૂલિયા નીચે થી ૫ ભેંસો પાણી નાં પ્રવાહ માં તણાઈ ગઇ હતી તો બીજી તરફ અંજારના નાની ખેડોઇ થી માધવનગર જતા રસ્તામાં ખેડોઇ ગામની ૧૫૦ થી વધુ ગાયો માધવનગરમાં ફસાઇ હતી જેને પાણીના વહેણમાંથી અંજાર પોલીસ અને ગામના લોકોએ સાથે રહી ને હેમખેમ વહેણ માંથી કાઢવામાં મદદ કરી હતી જેથી તમામ ગાયો સુરક્ષીત રહી હતી આ તરફ ભુજના છતરડી તળાવમાં ૮ ભેંસ પાણીમા ફસાઈ ગઈ હોવાની માહિતીના પગલે ફાયર વિભાગની ટીમે ઈમરજન્સી રેસ્ક્યુ વ્હીકલથી તમામ ભેંસોને સુરક્ષીત ખસેડી હતી. પાણીની આવક શરૂ થતા આ તળાવમાં અવાર-નવાર આવતી ભેંસ પાણી વચ્ચે પથ્થરના ટેકરા ઉપર પહોંચી હતી જેની જાણકારી મળ્યા બાદ ફાયર વિભાગે પહોંચી તેને ત્યાથી સલામત ખસેડી હતી રેસ્ક્યુ ક્રાફ્ટની મદદથી આ કામગીરી કરાઇ હતી.

## ટ્રેન સેવા પ્રભાવીત

સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે વરસાદના કારણે માળિયા મીયાણા સેક્શનમાં પાણી ભરાવાના કારણે ભુજ તરફ જતી સાત જેટલી ટ્રેનોને રદ કરવામાં આવી છે. તો મોરબી, કચ્છ અને જામનગર જિલ્લામાં ટ્રાન્સપોર્ટેશન બંધ કરાવાયું હતુ. લો લેવલ એરિયામાં જતા વાહનો હાઈ લેવલ એરિયામાં જ અટકાવી દેવાયા છે. આવતી કાલ સાંજ સુધી આ ત્રણ જિલ્લામાં ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.જેને પગલે માળીયા હાઇવે સાથે કચ્છથી અવર-જવર કરતી ટ્રેન સેવા પણ બંધ કરાઇ હતી